
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૮ * મે ૨૦૧૭




**શ્રી ધરસેન આચાર્યદેવ શ્રી પુષ્પદંત તથા ભૂતબલિ નામના**
**મુનિવરોને ષટ્ખંડાગમનું જ્ઞાન આપે છે**

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● હે યોગી! કાલ પાકર જૈસા જૈસા મોહ ગલતા હૈ—કમ હોતા જાતા હૈ, તૈસા તૈસા યહ જીવ સમ્યગ્દર્શનકો પાતા હૈ (જેમ જેમ વિપરીત માન્યતા ઘટતી જાય છે તેમ તેમ આત્મા તરફની રુચિ વધતી જાય છે ફિર નિશ્ચયસે અપને સ્વરૂપકો જાનતા હૈ. ૧૬૧૧. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૧, ગાથા-૮૫)*

● સત્પુરુષોંકી પવિત્ર વાણી જિસકે કાનોંમેં પ્રાપ્ત હોકર હૃદયમેં પ્રકાશમાન નહિ હુઈ વહ રંક અંધા હી હૈ, ક્યોંકિ સત્પુરુષોંકી વાણી મનુષ્યકે હૃદયનેત્રકો ખોલ દેતી હૈ. સો જિસકે હૃદયમેં સત્પુરુષોંકી વાણીને પ્રવેશ નહિ કિયા વાસ્તવમેં વહ અંધા હી હૈ. ૧૬૧૨. *(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૧૩)*

● જ્યાં દુઃખ નથી, સુખ નથી, પીડા નથી, બાધા નથી, મરણ નથી, જન્મ નથી, ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ દુઃખ આદિ રહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે.) ૧૬૧૩. *(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર—ટીકા, ગાથા-૧૭૯)*

● પ્રાણીઓનું જેટલું ઉગ્ર અહિત સંસારમાં ઈન્દ્રિયવિષયરૂપી શત્રુ કરે છે તેટલું અહિત મદોન્મત્ત હાથી, માંસ લોલુપી સિંહ, ભયંકર રાહુ, ક્રોધાયમાન રાજા, અતિ તીક્ષ્ણ વિષ, અતિક્રુદ્ધ યમરાજ, પ્રજ્વલિત અગ્નિ અને ભયંકર શેષનાગ આદિ પણ નથી કરતાં. અર્થાત્ હાથી આદિ એક જ ભવમાં દુઃખ આપે છે અથવા અનિષ્ટ કરે છે. પરંતુ ભોગવેલા ઈન્દ્રિયવિષય ભવભવમાં દુઃખ દેનારા છે. ૧૬૧૪. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક—૨)*

● હે સાધુ ! જેમણે દેશોન્યૂન કોટીપૂર્વ સુધી ચારિત્રનું પાલન કર્યું છે એવા મુનિ પણ મરણ સમયે પૂર્વ જન્મના કરેલા પાપના તીવ્ર ઉદયથી રત્નત્રયથી ચ્યુત થાય છે માટે તે ભલે રત્નત્રયનું આજ સુધી નિરઅતિચાર પાલન કર્યું છે તોપણ આગળ મરણ સમયે તીવ્ર પાપોદયથી રત્નત્રયથી ભ્રષ્ટ થવાની સંભાવના છે એમ જાણ. (માટે મરણ સમયે અત્યંત સાવધાન રહેજે.) ૧૬૧૫.

*(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, બૃહદ્પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા—૮૦)*

● છતી વસ્તુને અછતી કેમ કરો છો ? છતી વસ્તુ અછતી થાય નહિ. પૂર્વે ભૂલથી છતીને અછતી માની હતી (તેથી) તેનું અનાદિ દુઃખરૂપ ફળ પામ્યો હતો. હવે શરીરને આત્મા કેમ માનીએ ? એ તો લોહીથી, વીર્યથી, સાત ધાતુનું બનેલું, જડ. વિજાતીય, નાશવાન અને પર છે. તે (શરીર) મારી ચેતના નથી. ૧૬૧૬.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું—૧૩)*

વર્ષ–૧૧
અંક–૯




વિ. સંવત
૨૦૭૩
May
A.D. 2017

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર



## પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રિય ઘોલન

સમયસારની શરૂઆતની ૧૬ ગાથાઓ, ૪૭ શક્તિઓ, ગાથા ૪૯ના અવ્યક્તના છ બોલ તથા પ્રવચનસારની ૪૭ નયો તથા ગાથા ૧૭૨ના અલિંગગ્રહણના ૨૦ બોલ અને શ્રીમદ્‌ના સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ આદિ દસ બોલ—આ વિષય પૂજ્ય ગુરુદેવશ્રીને ખૂબ જ પ્રિય હોવાથી હંમેશા વહેલી સવારના તેના સ્મરણ-મનન-ઘોલનપૂર્વક તેઓશ્રી ધ્યાન કરતા હતા.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## સ્વને પોતાપણે જાણે ને પોતારૂપે પરિણમે તે સ્વસમય

શ્રી સમયસારની પહેલી ગાથામાં આચાર્ય મહારાજે પોતાની ને શ્રોતાઓની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપીને કહ્યું કે હું સમયપ્રાભૃત કહીશ; તેથી અહીં બીજી ગાથામાં સમય એટલે શું તે સમજાવતા કહે છે કે એક જ વખતે પરિણમવું ને જાણવું એ બે ક્રિયાઓ જેમાં હોય તેને સમય કહે છે. જાણવું અને પરિણમવું એ બંને ક્રિયાઓ એક જ વખતે જીવમાં થતી હોવાથી સમયનો અર્થ જીવદ્રવ્ય થાય છે. એ જીવદ્રવ્ય કેવું છે ?—કે એ જીવદ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે, દર્શનજ્ઞાનજ્યોતિસ્વરૂપ છે, અનંતધર્મસ્વરૂપ છે, ક્રમવર્તી ને સહવર્તી સ્વભાવરૂપ છે, સ્વપરપ્રકાશક એક જ્ઞાનાકારરૂપ છે, અન્ય પાંચ દ્રવ્યોથી ભિન્ન છે તથા એક ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ જીવદ્રવ્ય છે; તેને સમય કહે છે. જે જીવ, કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર ભેદજ્ઞાનજ્યોતિ ઉદિત થવાથી એક જ વખતે સ્વને પોતારૂપે જાણે તથા પોતારૂપે પરિણમે તેને હે જીવ ! તું નિશ્ચયથી સ્વસમય જાણ. જે જીવ મોહરાગદ્વેષાદિ ભાવો મારા છે એમ જાણે ને તેમાં એકત્વપણે પરિણમે તેને હે જીવ ! તું નિશ્ચયથી પરસમય જાણ.

(શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૫-૬-૭૮)

આચાર્ય મહારાજ સમયપ્રાભૃત કહેવા માગે છે, તો એ સમય શું છે ? કોને સમય કહેવો ?—તેથી એ સમયને પહેલાં અહીં કહે છે. ભગવાન આત્મા જીવ છે, દર્શન-જ્ઞાન આદિ તેનું જીવન અનાદિથી છે. 'જીવો'—જે રીતે જીવ છે તે રીતે જીવે તેને જીવ કહીયે; એ વાત અહીં આચાર્ય મહારાજ સમજાવે છે :

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો,**
**સ્થિત કર્મ પુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨**

હે ભવ્ય ! પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્રસ્થિત થઈ રહ્યો છે તેને જીવ જાણ. જીવ

**તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,**
**છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭. —શ્રી સમયસાર**

ત્રિકાળી દર્શન-જ્ઞાન આદિથી તો છે પણ પર્યાયમાં જે દર્શન-જ્ઞાન-ચારિત્રથી સ્થિત થઈ રહ્યો છે તેને સાચો જીવ જાણવો. પોતાના ભગવાનની સન્મુખ થઈને પ્રતીતિ, તેનું જ્ઞાન ને તેમાં સ્થિરતા થઈ તેને સ્વસમય જાણ.

ઢોર જેમ ખાઈને વાગોળે તેમ આ સાંભળીને ઓગાળવું જોઈએ—વારંવાર મંથન કરવું જોઈએ. જીવ તેને કહીયે કે જેની દશામાં દશાવાનની પ્રતીતિ છે, જેની દશામાં દશાવાનનું જ્ઞાન છે ને જેની દશામાં દશાવાનની સ્થિરતા થઈ છે; તેને હે ભવ્ય ! તું જીવ જાણ—સ્વસમય જાણ, એમ કુંદકુંદાચાર્યદેવ આદેશ કરે છે, કેમકે આ તો તું કરી શકીશ.

ભાષા કેવી લીધી છે કે જીવ દર્શન-જ્ઞાનમાં ઠર્યો એટલે કે જે જીવ પર્યાયમાં ઠરે તેને સ્વસમય જાણ ! અનાદિથી વિકારમાં ઠરે છે તે તો અણાત્મા છે પણ જે જીવ પોતાની સંપદાની પ્રતીતિ કરે છે, તેને જાણે છે અને તેમાં તે ઠરે છે એ સાચો જીવ છે. જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ઠરે છે એમ કહ્યું. કેમ કે અનાદિથી રાગાદિમાં જીવ ઠરતો હતો તે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ઠરે છે એમ કહ્યું. જે જીવ પોતાની નિર્મળ પર્યાયમાં ઠરે છે તેને સ્વસમય જાણ, જીવ જીવમાં તો રહ્યો જ છે પણ જે જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ઠરે છે તેને સ્વસમય—આત્મા જાણ ! જીવ જીવમાં તો રહ્યો જ છે પણ રહેલો છે એવું જાણ્યું કોણે ? પરમ સ્વભાવભાવ પોતામાં રહ્યા છે એવું જાણ્યું કોણે ?—કે આ જીવ છે એમ જાણીને પ્રતીતિ થઈ તેણે સ્વસમયને જાણ્યો કહેવાય.

ભગવાન આત્મા પૂરણ જ્ઞાનથી તો ભરેલો છે, પણ એમ જાણ્યું કોણે ? જાણ્યા વિના માન્યું કોણે ? આહાહા ! ગજબ વાત છે, એક એક ગાથા ને એક એક પદ ! સિદ્ધપદના ભણકારા વાગે છે. જીવ અનંત અપરિમિત ગુણનો ભંડાર છે પણ જેણે જાણ્યું નથી તેણે એ માન્યું ક્યાં છે ? કારણપરમાત્મા તો મૌજૂદ છે પણ દૃષ્ટિમાં તો તે આવ્યો નથી તેથી તેને કાર્ય પરમાત્મા ક્યાંથી આવે ? જેને કારણપરમાત્માની કબૂલાત આવે તેને કારણપરમાત્મા છે અને તેને કાર્યપરમાત્મા આવ્યા વિના રહે જ નહીં.

અરે ભગવાન ! એક વાર સાંભળતો ખરો બાપુ ! ધ્રુવ તો હતું જ, પણ તે નિર્મળ પર્યાયમાં આવ્યું તેને જીવ જાણ એમ અહીં કહ્યું છે. પર્યાયમાં જણાયો ત્યારે તેને આત્મા કહેવાયો, જણાયો નથી તેને તો આત્મા છે જ ક્યાં ? જેવડી ચીજ છે એવડી પ્રતીતિમાં આવી તેને આત્મા કહીયે.

**જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,**
**સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮. —શ્રી સમયસાર**

## અગાધ ને ગંભીર આત્મસ્વભાવ

હે ભવ્ય જીવ! દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત જીવને સ્વસમય જાણ. અહીં મુખ્યપણે ત્રણ ગુણની દશા લીધી છે પણ અનંતગુણની વર્તમાન પર્યાયમાં સ્થિત થાય તેને આત્મા કહ્યો છે. આત્મા તો આત્મા છે જ, પણ જેના ખ્યાલમાં આવ્યો તેને આત્મા—સ્વસમય કહેવાય છે.

આત્મામાં ગુણ તો અનંત છે. જેમ આ આકાશના પ્રદેશની આ અક્ષર છે ત્યાંથી શરૂઆત કરીએ તો દરેક દિશામાં અનંત પ્રદેશ છે અને બધી દિશાની અનંત શ્રેણી ભેગી કરીએ તો અનંત અનંત પ્રદેશ છે તેમ આત્મામાં આકાશના પ્રદેશ કરતાં સંખ્યાએ અનંતગુણા ગુણ છે, તેમાં પહેલો-પછી એમ ગુણ નથી, પરંતુ તેમાં ગણતરીની શરૂઆત કરવા જાય તો તેમાં છેલ્લો ક્યો ગુણ? એ તો અનંત છે.

અનંત ગુણો એક સાથે હોવા છતાં ગણતરીથી ગણવામાં આવે તો છેલ્લો ગુણ ક્યો?—કે છેલ્લો છે જ નહીં! આહાહા! આ તે કાંઈ વાત છે! આત્મામાં અનંત ગુણો છે તેમાં પહેલો—પછી ગુણ નથી પરંતુ આ એક, આ બે એમ ગણતરીમાં લેતાં તેમાં છેલ્લો ગુણ ક્યો?—અરે! આવું નિજ તત્ત્વ એણે અંતરથી કદી જાણ્યું નથી! અરે! એણે નિજ તત્ત્વને જાણવાનો પ્રયત્ન કર્યો નથી.

અહીં તો કહે છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત જીવને સ્વસમય જાણ. એ જીવમાં ગુણોની એટલી સંખ્યા છે કે તેનો ક્યાંય છેડો—આ છેલ્લો ગુણ એમ નથી. અનંત અનંત અનંત અનંત ગુણ જેમાં છે એવું આ તત્ત્વ છે અને તેમાં અનંતી પર્યાય છે. તે પર્યાયમાં પહેલી-પછી એમ નથી છતાં તેમાં ગણતરી માંડો તો છેલ્લી કઈ પર્યાય? ક્ષેત્રથી જેનો અંત નથી એવા આકાશના પ્રદેશો કરતાં અનંતા ગુણો આત્મામાં છે, તે રહ્યાં છે અસંખ્ય પ્રદેશમાં અને એક સમયમાં, છતાં તેમાં છેલ્લો છેલ્લો છેલ્લો ગુણ ક્યો? અસંખ્ય પ્રદેશમાં, અનંતની સંખ્યામાં છેલ્લો ગુણ ક્યો? છેલ્લાનો કોઈ છેડો છે જ નહીં. અનંત ગુણની એક સમયની અનંતી પર્યાય કે જે અસંખ્ય પ્રદેશના છેલ્લા અંશમાં છે તે પર્યાયમાં આ છેલ્લી પર્યાય એમ ગણતરીમાં છે જ નહીં. સમય એક, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ અને ભાવની સંખ્યાનો ક્યાંય છેડો નહીં! અને એની અનંતી પર્યાય, સમય એક અને અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ—છતાં ત્યાં આ છેલ્લી પર્યાય એમ

**એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,**
**નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯. —શ્રી સમયસાર**

નથી. આહાહા ! આવું તત્ત્વ સર્વજ્ઞ ભગવાન સિવાય કોઈએ જોયું નથી ને કહ્યું નથી.

અનંતી પર્યાયમાં છેલ્લી પર્યાય નહીં, એવી જ્ઞાનની એક પર્યાય જ્ઞેય પ્રમાણે. જ્ઞેય કેટલા ?—અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓ એ જ્ઞેય. જ્ઞાન જ્ઞેય પ્રમાણે, એ જ્ઞેય કેટલા ?—કે લોકાલોક પ્રમાણે. એક સમયની પર્યાયમાં પ્રમેય લોકાલોક. જેના ભાવનો અંત નથી એવા અનંતા આત્માઓના ને પરમાણુના ગુણો ને તેની પર્યાયો એક સમયની શ્રુતજ્ઞાનની પર્યાયમાં જણાઈ જાય તો કેવળજ્ઞાનની તો વાત શું કરવી ! એવી એક સમયની પર્યાયમાં પણ અનંતા અવિભાગપ્રતિચ્છેદ !

અનંતા દ્રવ્યો ને તેના અનંતા ગુણો કે જેનો પાર નહીં ને એક એક ગુણની પર્યાય કે જેનો પાર નહીં એનો પાર શ્રુતજ્ઞાનની પર્યાયે જાણી લીધો. એ જ્ઞાનની એક સમયની પર્યાયે આવા અનંતા પદાર્થવાળા લોકાલોકને જાણ્યા તો એટલા ભાગ એ પર્યાયમાં પડી ગયા, અંશો પડી ગયા, કેટલા અંશો ?—કે અંશનો છેડો નહીં.

ક્ષેત્ર અનંત, કાળ અનંત, ભાવ અનંત, પર્યાય અનંત, એ અનંતનો ક્યાંય પાર નથી. એવા અનંત દ્રવ્યો ને તેના અનંત ગુણો કે જેનો અંત નહીં, ભલે એક સમયે હો પણ સંખ્યાએ અંત નહીં છતાં એક સમયની પર્યાયમાં તે જણાઈ જાય, તે જાણનારી પર્યાયના ભાવ કેટલા ?—કે અનંતા અવિભાગપ્રતિચ્છેદ ! એવા અવિભાગપ્રતિચ્છેદના ભાગમાં છેલ્લો ક્યો ?—કે અંત નથી. છતાં જ્ઞાનની પર્યાય તેનો અંત લઈ લે છે, જાણી લે છે, પરંતુ જાણી લે છે માટે ત્યાં અંત છે એમ નથી. જ્ઞાનની પર્યાયનું પરિણમન થતાં તેમાં તે જણાઈ જાય છે. આવા જે અનંતા ગુણો અને અનંતી પર્યાયો—છેડા વિનાની છે એવા દ્રવ્યની દૃષ્ટિ થાય તેના રસ આગળ તેને રાગનો રસ રહે નહિ. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ)

વ્યવહારના આશ્રયથી મોક્ષમાર્ગ માને તો જ વ્યવહાર સ્વીકાર્યો કહેવાય—એવું કાંઈ નથી. ઘણા એમ કહે છે કે તમે વ્યવહારના અવલંબને મોક્ષમાર્ગ થવાનું નથી માનતા, માટે તમે વ્યવહારને જ નથી સ્વીકારતા.—પણ એ વાત બરાબર નથી. જગતમાં તો સ્વર્ગ-નરક, પુણ્ય-પાપ, જીવ-અજીવ બધાં તત્ત્વો છે, તેના આશ્રયે લાભ માને તો જ તેને સ્વીકાર્યો કહેવાય—એવું કાંઈ નથી; એ જ રીતે વ્યવહારનું પણ સમજવું. (ક્રમશઃ)

**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,**
**—એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.** –શ્રી સમયસાર




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૫-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૧૬
(ગાથા ૧૪)

કોઈ એમ કહે કે જડમાં પરિણમન ન હોય, તો તે વાત ખોટી છે; જીભ જડ છે—હવે જો જીભમાં પરિણમન ન હોય તો બોલાય કેમ? જે બોલાય છે તે જડનું પરિણમન છે. આત્મામાં શબ્દ સાંભળવાનું લક્ષ થયું તે આત્માનું લક્ષ બદલ્યું છે, તે આત્માનું પરિણમન છે. દરેક વસ્તુમાં સમયે સમયે પરિણમન થઈ રહ્યું છે; તેમાં સ્વભાવપર્યાય તે તો છએ દ્રવ્યોમાં સાધારણ છે. બટાટાની એક રાય જેટલી કણી લ્યો તો તેમાં અસંખ્ય ઔદારિક શરીર, તે એકેક શરીરમાં અનંત આત્મા, તે એકેક આત્માના અસંખ્ય પ્રદેશ, એકેક પ્રદેશ ઉપર અનંતા કર્મરજકણો; એકેક રજકણમાં અનંતા ગુણ અને એકેક ગુણમાં અનંતી પર્યાયો ભરી છે, આ તો હજી નાનો કરિયાવર છે; હજી વધારે વિસ્તાર થઈ શકે તેમ છે. છએ દ્રવ્યોમાં એક સ્વભાવપર્યાય હોય છે; નિગોદથી માંડીને સિદ્ધ સુધી બધા આત્માઓને આ સ્વભાવ-પર્યાય હોય છે. સ્વભાવપર્યાય એટલે અર્થપર્યાય; બહારના આકારની અવસ્થા તે વ્યંજનપર્યાય છે. આત્માના પ્રદેશોનો શરીર પ્રમાણે આકાર તે વ્યંજનપર્યાય છે; આ સુખડનું લાકડું ચોરસ છે તે તેની વ્યંજનપર્યાય છે, અને અંદરના ગુણનું પરિણમન તે અર્થપર્યાય છે. અર્થપર્યાય સૂક્ષ્મ છે. આ અંદરની ઝીણી વાત છે, મન-વાણીથી અગોચર છે, સાધારણને સમજાય તેવી નથી તેથી આચાર્યે કહ્યું છે કે તે ભગવાનના આગમથી પ્રમાણ કરવાયોગ્ય છે. તે અર્થપર્યાય છ પ્રકારની હાનિ-વૃદ્ધિ સહિત છે. અનંતભાગ-વૃદ્ધિ, અસંખ્યભાગવૃદ્ધિ, સંખ્યાતભાગવૃદ્ધિ, અનંતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણવૃદ્ધિ અને સંખ્યાતગુણવૃદ્ધિ તથા તેવી જ રીતે છ પ્રકારે હાનિ—એ પ્રમાણે અંદર ષટ્‌ગુણહાનિ—વૃદ્ધિ થાય છે. સ્વભાવનું અમુક ભાન થયું, પછી આવી સૂક્ષ્મ પર્યાય ન સમજાય તોપણ ભગવાને કહ્યું તે પ્રમાણે—એમ વિશ્વાસ કરે છે, 'આમ હશે કે નહિ' એવી શંકા કરતો નથી.

પ્રશ્ન :—આ અર્થપર્યાય ને વ્યંજનપર્યાય અને હાનિ-વૃદ્ધિ એ બધું શું માંડ્યું છે? આ સમજીને શું કરવું છે?

**પરમાર્થ છે નક્કી, સમય છે, શુધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.** **–શ્રી સમયસાર**

ઉત્તર :—બધી આત્માની વાત છે. જેને સુખ જો’તું હોય તેને માટે આ માંડી છે; આ સમજ્યા વગર સુખ નથી. આત્માની સાચી સમજણ સુખ માટે જ છે. સાચી સમજણથી સુખ મળે છે. જગતના કામમાં પણ એ વસ્તુ જો’તી હોય તેના યથાર્થ જ્ઞાન વગર ચાલતું નથી. જેમ કોઈએ ઘરેથી એક જણને સાકર લેવા માટે બજારમાં મોકલ્યો હોય અને તે સાકરને બદલે રીંગણાં લાવીને મૂકે તો તેને ગાંડો જ કહે. બજારમાં જાય ત્યાં પણ સાકર ધોળી અને મીઠી હોય એમ પહેલાં જ્ઞાન કરે, પછી સાકરવાળાની દુકાને જઈને સાકર જ માગે તો સાકર મળે; પણ સાકરને બદલે રીંગણાં માગે અને એમ વિચાર કરે કે ‘આપણા તો સાકરના ભાવ છે ને! ભાષાનું શું કામ છે?’ તો પણ તેને સાકર મળશે નહીં; તેથી એ પણ નક્કી થયું કે અંદરના જ્ઞાન જેવી જ ભાષા જોઈશે. સાકર પદાર્થ, સાકરનું જ્ઞાન અને ‘સાકર’ એવી ભાષા એ ત્રણે સરખાં જોઈએ, તો જ સાકર મળે; તેમ આત્માનું સુખ જોઈતું હોય તો સુખ શું, સુખ ક્યાં છે તેનું જ્ઞાન અને સુખ માટેની ભાષા એ ત્રણે બરાબર આવડવાં જો’શે. પહેલાં, સુખ આત્માનો સ્વભાવ છે એ જાણવું પડશે. સુખ બજારમાં વેચાતું મળતું નથી પણ અંદરની દુકાનમાં (આત્માના સ્વરૂપમાં) પડ્યું છે, અને જ્ઞાની પાસે બોલ કે મારે મારું સુખ જોઈએ! તેનો ઉપાય કઈ રીતે છે? એમ સુખને માટે પહેલાં સુખનું જ્ઞાન જોઈએ, તેનો ઉપાય જ્ઞાનીને પૂછતાં જ્ઞાની સમજાવે છે કે—તારું સુખ તારી પાસે છે, તને તારી ખબર પડે તો તારો ગુણ પ્રગટે—એટલે સુખ થાય; પણ ઓળખાણ વગર ગુણ પ્રગટે નહીં. સાચું સુખ શું, તે ક્યાં છે, કોણ તે સમજ્યા છે—એ જાણવું જોઈએ; અને તે કેમ પ્રગટે છે તેનો ઉપાય જ્ઞાની પાસેથી સમજે તો સુખ પ્રગટે. સર્વજ્ઞ ભગવાને વાણીદ્વારા છ દ્રવ્યોનું સ્વરૂપ કહ્યું છે તેવું જેણે જાણ્યું છે—તેમની પાસેથી જ્ઞાન મળે. આ રીતે સુખ માટે પહેલાં વસ્તુની યથાર્થ ઓળખાણ કરવી જોઈએ.

ગાથા ૧૪ મી ચાલુ.

હવે અશુદ્ધપર્યાયનું વર્ણન કહેવાશે. પહેલાં દર્શન અને જ્ઞાનઉપયોગ જે ત્રિકાળસ્વભાવ છે તેનું ઉપયોગરૂપે વર્ણન કર્યું, હવે પર્યાયની વ્યાખ્યા કરે છે.

પ્રશ્ન :—પર્યાય અને ઉપયોગનું વર્ણન જુદું જુદું કરો છો તો શું ઉપયોગ તે પર્યાય નથી?

**પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.** **–શ્રી સમયસાર**

ઉત્તર :—ઉપયોગ જે આગળ કહ્યો તે ધ્રુવએકરૂપ પર્યાય છે, તે ઉત્પાદ–વ્યયરૂપ નથી; અને અહીં ઉત્પાદ-વ્યયરૂપ જે પર્યાય છે તે કહેવામાં આવે છે.

આ જીવ અધિકાર છે, તેમાં પહેલાં જીવતત્ત્વનું વર્ણન કરતાં કહ્યું કે—વ્યવહારે દસ પ્રાણથી જીવે તે જીવ છે. પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાય, શ્વાસોચ્છ્વાસ અને આયુ એ દસ પ્રાણોથી જીવે છે—એ તો નિમિત્તથી કહ્યું છે. ખરેખર ઈન્દ્રિયો વગેરે તો પરવસ્તુ છે. નિમિત્તથી જીવે તે સંસારદશા છે, અને પોતાના ત્રિકાળ ચૈતન્યપ્રાણથી—જ્ઞાનસ્વભાવથી જીવે તે વાસ્તવિક જીવન છે.

કાનમાં સોય મારી માટે દુઃખ થયું એમ માનવું તે બરાબર નથી; અંદરમાં જે શરીર ઉપરનો રાગ છે તેને લીધે દુઃખ થાય છે. અંદર ચૈતન્યપ્રાણ છે તેને લીધે પણ દુઃખ નથી, પણ ઈન્દ્રિય વગેરે મારાં એવી અજ્ઞાનમય બુદ્ધિને કારણે દુઃખ લાગે છે. દસ પ્રાણથી જીવવું તે તો વ્યવહારથી છે, નિશ્ચયથી તો નિગોદથી માંડીને સિદ્ધ સુધી જીવો ચૈતન્યપ્રાણથી જીવે છે.

ચૌદમી ગાથામાં પર્યાયના બે પ્રકાર કહ્યા :—

(૧) સ્વ-પર અપેક્ષિત અર્થાત્ સ્વ-પરના સંબંધવાળી.

(૨) નિરપેક્ષ અર્થાત્ એકલા સ્વના સંબંધવાળી. જીવ તો ત્રિકાળ એકરૂપ છે, તેમાં અવસ્થા—ઉપયોગ તે પર્યાય છે.

ચૈતન્યપ્રાણ ત્રિકાળ રહીને જ્ઞાનદર્શનનો ઉપયોગ-વ્યાપાર (અંતર સ્વસન્મુખ કે અજ્ઞાનીનો પરસન્મુખ) તેનું વર્ણન કર્યું છે. જ્ઞાનની આઠ તથા દર્શનની ચાર એમ ઉપયોગની બાર અવસ્થાનું વર્ણન કર્યું.

હાથ ખોટો પડી જાય અને ન ચાલે તે જડની ક્રિયા છે; શરીર ચાલે તે જડની ક્રિયા છે, આત્મા શરીરને ચલાવી શકતો નથી, આત્મા તો અરૂપી જ્ઞાનઘન છે, તે જડમાં કાંઈ કરી શકે નહીં. મરણ પહેલાં અસાધ્ય થઈને પડ્યો રહે છે, તે વખતે શરીરને ચલાવી શકતો નથી, કારણ કે શરીર ઉપર આત્માની સત્તા કદી પણ ચાલતી નથી. જીવતાં શરીર સારું હોય ત્યારે પણ આત્માનું સામર્થ્ય શરીર ઉપર ચાલતું નથી. શરીર ઉપર માખી બેઠી હોય, તે માખીનું જ્ઞાન કરે પણ જીવ તે માખીને ઊડાડવા સમર્થ નથી.

**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.　　–શ્રી સમયસાર**

'મરણ ટાણે જ આત્મા શરીરનું કરી શકે નહીં પણ પહેલાં કરી શકે' એમ નથી, કોઈ પણ વખતે આત્મા શરીરનું કરી શકતો જ નથી. જડની અવસ્થા તેના (જડના) કારણે થાય છે. અજ્ઞાની આત્મા તેનું અભિમાન કરે છે.

આત્મા ઈચ્છા કરે અને તે જ વખતે જડની તેવી અવસ્થા જડના કારણે થવા લાયક હોય તો થાય ત્યાં 'મારાથી તે થઈ' એમ અજ્ઞાની માનીએ બેસે છે—તે ભ્રમ છે. જ્ઞાયકપણે જાણવું એ જ જીવનું જીવન છે. શરીર, મન, વાણી વગેરે તો જડ છે, જુદાં છે તેથી આત્માથી તે જુદાં પડી જાય છે, પણ જ્ઞાન જુદું પડતું નથી. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ પાંચે જ્ઞાનની પર્યાય છે. તેનું પહેલાં ઉપયોગરૂપે વર્ણન કર્યું, પછી તે ઉપયોગની પાછળ રહેલ શક્તિરૂપ પર્યાયનું વર્ણન કર્યું, ત્યાર પછી અગુરુલઘુગુણનું વર્ણન કર્યું તે બહુ જ સૂક્ષ્મ છે, આગમગમ્ય છે.

હવે અશુદ્ધ પર્યાયનું વર્ણન કરે છે :—વ્યંજનપર્યાય એટલે આકારરૂપ પર્યાય. આત્મપ્રદેશોનો દેહ જેવો આકાર છે તે વ્યંજનપર્યાય.

તારું સ્વરૂપ છે? શું ચૈતન્યપ્રાણ તે વસ્તુ, ઉપયોગ તે તારું કાર્ય, અને તારી વ્યંજનપર્યાય તે તારામાં; પરનું બધું પરમાં, તારું બધું તારામાં. પરથી તું ત્રિકાળ જુદો છો, પરને તારું માન્યું હતું એ જ અનંત સંસારનું કારણ છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૨૭ થી ચાલુ)

જિનેન્દ્ર ભગવાન કે જેમણે આત્માનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કર્યું છે તેમને અને જે સાધના કરી રહ્યા છે તે ગુરુને યાદ કરવા, શાસ્ત્રનું વાંચન—ચિંતવન કરવું. શરીર જુદું, આત્મા જુદો—એવા ભેદજ્ઞાનના સંસ્કાર અંદર નાખ્યા કરવા.

મુમુક્ષુ :—આપ કહો છો તે સાંભળ્યા જ કરું એમ અંદરથી થાય છે.

બહેનશ્રી :—એટલા સંસ્કાર છે તે સારું છે. શાંતિ તે સુખદાયક છે, બીજો કોઈ ઉપાય નથી. આયુષ્ય તે રીતે જ પૂરું થવાનું હતું તેને ભૂલ્યા વગર છૂટકો જ નથી. વહેલું કે મોડું ભૂલવાનું જ છે, તો પહેલેથી જ શાંતિ રાખવી. આર્ત્તધ્યાન કરવાથી કાંઈ લાભ નથી. કુદરત આગળ કોઈનું ડહાપણ કામ આવતું નથી. કાંઈ ઉપાય નથી, તો શાંતિ જ રાખવી. (ક્રમશઃ) ❊

**પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.** **–શ્રી સમયસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે ગુપ્તિ વગેરેનો અર્થ કહે છે :—

**गुत्ती जोगणिरोहो समिदी य पमादवज्जणं चेव।**
**धम्मो दयापहाणो सुतच्चचिंता अणुप्पेहा॥९७॥**

**અર્થ** :—યોગનો નિરોધ તે તો ગુપ્તિ છે, પ્રમાદ તજી યત્નાચારપૂર્વક પ્રવર્તવું તે સમિતિ છે, જેમાં દયા પ્રધાન હોય તે ધર્મ છે તથા ભલા તત્ત્વો અર્થાત્ જીવાદિ તત્ત્વો અને નિજસ્વરૂપનું ચિંતવન તે અનુપ્રેક્ષા છે. ૯૭.

જેમાં દયા પ્રધાન હોય તે ધર્મ છે; પોતાના આત્માની દયા પણ સાથે જ આવી. પોતાના આત્માની દયા કઈ રીતે પળાય ? કે અજ્ઞાન અને રાગ-દ્વેષથી આત્માને દુઃખ થાય છે, તેને ચૈતન્યસ્વભાવનું ભાન અને વીતરાગતા કરીને બચાવવો તેનું નામ આત્માની દયા છે. આત્મામાં રાગાદિભાવો થાય તે હિંસા છે ને રાગાદિભાવો ઉત્પન્ન ન થાય તેનું નામ દયા છે. અહો ! શાંતમૂર્તિ આત્મા છે, એનું ભાન કરીને તેમાં ઠરવું તેનું નામ આત્માની દયા છે. સિંહ દેખીને ભાગે—તેમાં તો દ્વેષ અને ભય છે તે કાંઈ પોતાની દયા ન કહેવાય.

સમ્યક્ તત્ત્વોનું ચિંતવન તે અનુપ્રેક્ષા છે. જીવાદિ તત્ત્વોનું ચિંતવન અથવા પોતાના સ્વરૂપનું ચિંતવન તે અનુપ્રેક્ષા છે. વીતરાગે કહેલાં તત્ત્વો તે જ સુતત્ત્વો છે. અજ્ઞાનીઓએ કલ્પેલાં તત્ત્વો તો કુતત્ત્વ છે. વીતરાગે કહેલાં તત્ત્વોને જાણીને તેમના વિચાર કરે અથવા સ્વરૂપનું ચિંતવન કરે, તેમાં જેટલી રાગરહિત દશા થાય તેનું નામ સંવર છે.

હવે પરિષહજયનો અર્થ કહે છે :–

**सो वि परीसहविजओ छुहादिपीडाण अइरउद्दाणं।**
**सवणाणं च मुणीणं उवसमभावेण जं सहणं॥९८॥**

**અર્થ** :—અતિ રૌદ્ર ભયાનક ક્ષુધાદિ પીડાને ઉપશમભાવ અર્થાત્ વીતરાગભાવ વડે સહવી તે જ્ઞાની જે મહામુનિ છે તેને, પરીષહોનો જય કર્યો કહે છે. ૯૮.

**જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,**
**રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫. –શ્રી સમયસાર**

સ્વભાવની શાંતિની સ્ફૂરણા થઈ છે, ત્યાં બહારના પ્રતિકૂળ પ્રસંગમાં અણગમો ન થાય એવો જે વીતરાગભાવ તે પરીષહજય છે. ખરેખર સમ્યગ્દર્શન પછી પાંચમા-છટ્ઠા ગુણસ્થાને પરીષહજય હોય છે. બહારમાં ભયાનક ક્ષુધા વગેરે પરીષહ આવે પણ સંતો તો સ્વભાવને સ્પર્શતા અંદરમાં ઊંડા ઊતરતા જાય ને રાગ-દ્વેષ ભાવ જ નહિ થતાં તેમને પરીષહજય હોય છે.

ચારિત્ર કોને કહેવું તે કહે છે :—

**अप्पसरूवं वत्थुं चत्तं रायादिएहिं दोसेहिं ।**
**सज्झाणम्मि णिलीणं तं जाणसु उत्तमं चरणं ।।९९।।**

**અર્થ :—**જે આત્મસ્વરૂપ વસ્તુ છે તેમાં રાગાદિ દોષરહિત ધર્મ-શુક્લધ્યાન પૂર્વક લીન થવું, તેને હે ભવ્ય ! તું ઉત્તમ ચારિત્ર જાણ ! ૯૯.

આત્મસ્વરૂપ વસ્તુનું ભાન જેને નથી તેને આવું ચારિત્ર ક્યાંથી હોય કે આત્મવસ્તુ છે ને તેમાં લીનતા પ્રગટી છે. તેને જ ઉત્તમચારિત્ર હોય છે. બહારના ક્રિયાકાંડ કે વ્રતાદિના શુભ પરિણામ તે ખરેખર ચારિત્ર નથી. શુદ્ધ ચૈતન્ય વસ્તુનું ભાન કરીને તેમાં લીનતા થવી તેનું નામ ચારિત્ર છે ને તે સંવર છે.


આજે શ્રુતપંચમી છે. ષટ્ખંડાગમનો દિવસ છે. આ ષટ્ખંડાગમ મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ સાથે સંબંધ ધરાવે છે. મહાવીર ભગવાન પછી કેટલાક કાળે ઘણું શ્રુત તો વિચ્છેદ ગયું ને અમુક ભાગ રહ્યો. આ સૌરાષ્ટ્ર દેશમાં આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં ગિરનાર પર્વતની ચંદ્રગુફામાં શ્રી ધરસેન મુનિ નામના મહાન દિગંબર સંત આચાર્ય ધ્યાન કરતા હતા. તેમને અંગ પૂર્વના એકદેશનું જ્ઞાન હતું. તેઓ મહાન વિદ્વાન અને શ્રુતવત્સલ હતા.


તેમને એવો ભય થયો કે "હવે મારી પાછળ અંગશ્રુત વિચ્છેદ થઈ જશે" તેથી પોતાની પાસેનું અંગશ્રુત જ્ઞાન કોઈ સમર્થ મુનિઓને ભણાવવાનો વિકલ્પ ઊઠ્યો, તે માટે દક્ષિણદેશમાં ધર્મોત્સવ પ્રસંગે ભેગા થયેલા આચાર્યો ઉપર સમાચાર મોકલ્યા અને ધરસેનાચાર્યદેવના આશયને સમજીને તે આચાર્યોએ પુષ્પદંત અને ભૂતબલિ નામના બે મહાસમર્થ અને વિનયવંત મુનિઓને તેમની પાસે મોકલ્યા.

**વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,**
**પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬. –શ્રી સમયસાર**



જ્યારે તે બે મુનિઓ આવી રહ્યા હતા ત્યારે અહીં ધરસેનાચાર્યદેવે એવું મંગળ સ્વપ્ન જોયું કે બે ઉત્તમ સફેદ બળદો ત્રણ પ્રદક્ષિણા દઈને નમ્રતાપૂર્વક પોતાના ચરણે નમી રહ્યા છે, એ સ્વપ્ન જોતાં ઉત્સાહથી ‘શ્રુતદેવતા જયવંત હો’ એવું આશીર્વાદ વચન આચાર્યદેવના મુખમાંથી નીકળ્યું. એ જ દિવસે શ્રી પુષ્પદંત અને ભૂતબલિ મહારાજ આવી પહોંચ્યા. શ્રી આચાર્યદેવે હીનાધિક અક્ષરોવાળા મંત્રોથી વિદ્યા સાધવા આપીને તેમની પરીક્ષા કરી, પછી સર્વજ્ઞ પરંપરાથી ચાલ્યા આવતા શ્રુતજ્ઞાનનો અંશ (ષટ્‌ખંડાગમ) તેમને ભણાવ્યો. ત્યાર પછી તે પુષ્પદંત અને ભૂતબલી આચાર્ય ભગવંતોએ ષટ્‌ખંડાગમની રચના કરી અને જેઠ સુદ ૫ના રોજ અંકલેશ્વરમાં મહામહોત્સવ કરીને ચતુર્વિધ સંઘ સહિત એ પવિત્ર શ્રુતજ્ઞાનની પૂજા કરી, ત્યારથી આજનો દિવસ ‘શ્રુતપંચમી’ તરીકે પ્રસિદ્ધ છે અને તે દર વર્ષે ઉજવાય છે, એ રીતે આજે શ્રુતની પ્રતિષ્ઠાનો મહામાંગલિક દિવસ છે.





જેમના રાગ-દ્વેષ ટળી ગયા છે એવા નિર્ગ્રંથ મુનિરાજ પુષ્પદંત અને ભૂતબલિએ આ ષટ્‌ખંડાગમ રચ્યાં છે, આનો પરંપરા સંબંધ ભગવાનની વાણી સાથે છે, તેમ જ શ્રી કુંદકુંદાચાર્યદેવે જે સમયસારાદિ પરમાગમો રચ્યા છે તેનો સંબંધ પણ ભગવાનની દિવ્યધ્વનિ સાથે છે. દ્રવ્યે ને ભાવે નિર્ગ્રંથ એવા સંત મુનિઓએ આ શાસ્ત્રો રચ્યાં છે. જેમને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નાશ થઈ ગયા હતા, એવા પુષ્પદંત અને ભૂતબલિ મુનિવરો જયવંત વર્તો કે જેમણે આ મહાન ષટ્‌ખંડાગમની રચના કરીને શ્રુતની ધારાને અવિચ્છિન્ન રાખી. તે

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.** **–શ્રી સમયસાર**

ષટ્ખંડાગમનો સીધો સંબંધ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની વાણી સાથે છે. ભગવાન મહાવીરપ્રભુની વાણી ઝીલીને ગૌતમ ગણધરદેવે જે બાર અંગ રચ્યા, તેની પરંપરામાં આ વાણી રહી ગઈ છે. આમાં છ ખંડ છે. (૧) જીવસ્થાન, (૨) ક્ષુલ્લક બંધ, (૩) બંધસ્વામિત્વ-વિચય, (૪) વેદના, (૫) વર્ગણા અને (૬) મહાબંધ.

આ છ ખંડનું જેને જ્ઞાન હોય તેને 'સિદ્ધાન્ત ચક્રવર્તી' કહેવાય છે. જેમ ચક્રવર્તી છ ખંડને જીતે છે, તેમ મતિજ્ઞાનરૂપી ચક્ર વડે જે મુનિવરો ષટ્ખંડાગમને જાણે છે તેમને સિદ્ધાન્ત ચક્રવર્તી કહેવાય છે. જુઓ, આ ષટ્ખંડાગમની ઉત્પત્તિનું ક્ષેત્ર તો સૌરાષ્ટ્રમાં આવેલ ગિરનાર પર્વત છે. ગિરનાર ઉપરની એક ગુફામાં ધરસેનાચાર્યદેવે પુષ્પદંત અને ભૂતબલિ મુનિરાજને આ ષટ્ખંડાગમનું જ્ઞાન આપ્યું હતું. એ મુનિઓનો અપાર ક્ષયોપશમ હતો.

અહો ! અંદર ચૈતન્યની લીનતા તો હતી ને જ્ઞાનના ક્ષયોપશમની એવી દશા હતી કે જાણે દરિયા ફાટ્યા હોય ! એવા સંતોએ આ શાસ્ત્રો ભગવાનની વાણીની પરંપરાને ઝીલીને રચ્યાં છે. મુનિને વસ્ત્ર કે સ્ત્રીને મોક્ષ—એ વાત આ સર્વજ્ઞદેવના શાસ્ત્રોમાં વર્ણવી નથી. સર્વજ્ઞદેવે કહેલો સનાતન માર્ગ આમાં જળવાઈ રહ્યો છે. આ શાસ્ત્રોનું બહુમાન આવી જતાં વીતરાગી મુનિઓએ પણ મોટો મહોત્સવ કરાવ્યો હતો. અહો ! સર્વજ્ઞની પરંપરાથી આવેલા આ જૈનદર્શનનાં શાસ્ત્રો જળવાઈ રહ્યાં છે ! મહાસંત મુનિઓને અંદર ભાન હતું કે શાસ્ત્રની પરંપરા તો તેમના કારણે રહેશે, પણ પોતાને અતિ અલ્પ સંજ્વલન રાગ હતો તેથી તેના બહુમાનનો પ્રશસ્ત રાગ થયો, અંદર અત્યંત નિસ્પૃહતા વર્તે છે, રાગનું પણ સ્વામિત્વ નથી. જૈન શાસનની પ્રણાલિકા અવિચ્છિન્ન જળવાઈ રહે, એવો વિકલ્પ ઊઠ્યો. શાસનની ધર્મધુરાનું વહન કરી શકે અને શ્રુતની ધારાને અવિચ્છિન્ન જાળવી રાખે એવા બે સમર્થ મુનિઓ આવી રહ્યા હતા, ત્યારે ધરસેનાચાર્યદેવને 'બે ધોરી બળદ પોતાના ચરણે નમી રહ્યા છે' એવું શુભ સ્વપ્ન આવ્યું. તે સ્વપ્ન જોતાં ઉલ્લાસ આવી ગયો અને બોલી ઊઠ્યાં કે "શ્રુતદેવતા જયવંત હો !" પછી ધરસેનાચાર્યદેવે તે પુષ્પદંત અને ભૂતબલિ નામના બે મુનિઓને જે ષટ્ખંડાગમનું જ્ઞાન આપ્યું તે શ્રુતજ્ઞાનની પૂજાનો આજે મહાન દિવસ છે, તેથી પ્રથમ તેનું માંગલિક કર્યું. *(ક્રમશઃ)*

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮. –શ્રી સમયસાર**

# શ્રાવકને પુણ્યફળપ્રાપ્તિ અને મોક્ષની સાધના

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

શ્રાવકને સિદ્ધભગવાન જેવા આત્મિકઆનંદનો અંશ હોય છે. તે ઉત્તમ સ્વર્ગમાં જાય છે પરંતુ ત્યાંના વૈભવમાં મૂર્છાતા નથી, ત્યાં પણ આરાધકભાવ ચાલુ રાખે છે, ને પછી મનુષ્ય થઈ વૈરાગ્ય પામી મુનિ થઈ આત્મસાધના પૂરી કરી કેવળજ્ઞાન પ્રગટાવી સિદ્ધાલયમાં પધારે છે.—આવું શ્રાવકધર્મનું ફળ છે.

ધર્મી શ્રાવક સર્વજ્ઞદેવને ઓળખી, દેવપૂજા વગેરે ષટ્કાર્યો દરરોજ કરે છે, જિનમંદિરમાં અનેક ઉત્સવ કરાવે છે, ને તેનાથી પુણ્ય બાંધીને સ્વર્ગમાં જાય છે; ત્યાં આરાધના ચાલુ રાખીને પછી ઉત્તમ મનુષ્ય થઈ, મુનિપણું લઈ કેવળજ્ઞાન ને મોક્ષ પામે છે;—એ વાત હવે કહે છે—

(शार्दूलविक्रीडित)

ते चाणुव्रतधारिणो ऽपि नियतं यान्त्येव देवालयं
तिष्ठन्त्येव महर्द्धिकामरपदं तत्रैव लब्धवा चिरम् ।
अत्रागत्य पुनः कुले ऽतिमहति प्राप्य प्रकृष्टं शुभा-
न्मानुष्यं च विरागतां च सकलत्यागं च मुक्तास्ततः ।।२४।।

અર્થ :—તે ભવ્ય જીવ જો અણુવ્રતોના પણ ધારક હોય તોપણ મરીને પછી સ્વર્ગમાં જ જાય છે અને અણિમા આદિ ઋદ્ધિ સંયુક્ત દેવપદ પ્રાપ્ત કરીને દીર્ઘકાળ સુધી ત્યાં (સ્વર્ગમાં) જ રહે છે. ત્યાર પછી મહાન્ પુણ્યકર્મના ઉદયથી મનુષ્યલોકમાં આવીને અતિશય પ્રશંસનીય કુળમાં ઉત્તમ મનુષ્ય થઈને વૈરાગ્ય પ્રાપ્ત થયા થકા તેઓ સમસ્ત પરિગ્રહ છોડીને મુનિ થઈ જાય છે તથા આ ક્રમે તેઓ અંતે મુક્તિ પણ પ્રાપ્ત કરી લે છે. ૨૪.

તે શ્રાવક ભલે મુનિવ્રત ન લઈ શકે ને અણુવ્રતધારી જ હોય તોપણ, આયુષ્ય પૂર્ણ થતાં નિયમથી સ્વર્ગમાં જાય છે, ત્યાં અણિમા વગેરે મહાન ઋદ્ધિ સહિત ઘણા કાળ સુધી અમરપદમાં (દેવપદમાં) રહે છે, ત્યારપછી પ્રકૃષ્ટ શુભવડે મહાન ઉત્તમ કુળમાં મનુષ્યપણું પામીને, વૈરાગી થઈ, સકલપરિગ્રહત્યાગી મુનિ થઈને મોક્ષ પામે છે.—આ

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.　　—શ્રી સમયસાર**

રીતે શ્રાવક પરંપરા મોક્ષને સાધે છે એમ જાણવું.

મુનિ તો મોક્ષના સાક્ષાત્ સાધક છે; ને શ્રાવક પરંપરા મોક્ષના સાધક છે. શ્રાવકને એકલું વ્યવહારસાધન છે એમ નથી, એને પણ અંશે નિશ્ચયસાધન વર્તે છે; ને તે નિશ્ચયના બળે જ (એટલે કે શુદ્ધિના બળે જ) આગળ વધીને રાગ તોડીને તે કેવળજ્ઞાન ને મોક્ષ પામે છે. શ્રાવકને હજી શુદ્ધતા ઓછી છે ને રાગ બાકી છે—એટલે અહીંથી સ્વર્ગમાં મોટી ઋદ્ધિસહિત દેવ થાય છે. શ્રાવક મરીને કદી પણ વિદેહક્ષેત્રમાં ઊપજે નહિ. મનુષ્યમાંથી મરીને વિદેહક્ષેત્રમાં ઉપજે તે તો મિથ્યાદૃષ્ટિ જ હોય. પૂર્વે બંધાયેલા આયુષ્યને કારણે જે સમકિતી મનુષ્ય ફરીને સીધો મનુષ્યમાં ઊપજે તે તો અસંખ્યવર્ષની આયુષ્યવાળી ભોગભૂમિમાં જ ઊપજે, વિદેહાદિમાં ન ઊપજે; અને પંચમગુણસ્થાની શ્રાવક તો કદી મનુષ્યમાંથી મનુષ્ય થાય જ નહિ, દેવમાં જ જાય—એ નિયમ છે. સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય કદી મનુષ્યનું, તિર્યંચનું કે નરકનું આયુષ્ય બાંધે નહિ; મનુષ્યમાં તે ત્રણે આયુષ્ય મિથ્યાદૃષ્ટિની જ ભૂમિકામાં બંધાય;—આયુષ્ય બાંધ્યા પછી ભલે સમ્યગ્દર્શન પામી જાય—એ જુદી વાત છે, પણ એ ત્રણમાંથી કોઈ આયુષ્ય બાંધતી વખતે તો તે મનુષ્ય મિથ્યાદૃષ્ટિ જ હોય. સમ્યગ્દૃષ્ટિ દેવ કે નારકી હોય તે મનુષ્યનું આયુષ્ય બાંધે, પરંતુ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય જો તેને ભવ હોય ને આયુષ્ય બાંધે તો તે દેવનું જ આયુષ્ય બાંધે, બીજું ન બાંધે.

ગૃહસ્થપણામાં વધુમાં વધુ પાંચમા ગુણસ્થાન સુધીની ભૂમિકા હોય છે, એથી ઊંચી ભૂમિકા હોતી નથી, તે બહુ તો એકાવતારી થઈ શકે પણ ગૃહસ્થપણે મોક્ષ પામી શકે નહિ. બાહ્ય-અભ્યંતર દિગંબર મુનિદશા થયા વગર કોઈ જીવ મોક્ષ પામે નહીં. શ્રાવક ધર્માત્મા આરાધક ભાવ સાથેના ઉત્તમ પુણ્યને લીધે અહીંથી વૈમાનિક દેવલોકમાં જાય છે, ત્યાં અનેક પ્રકારની મહાન ઋદ્ધિ અને વૈભવ હોય છે, પરંતુ ધર્મી તેમાં મૂર્છાતા નથી, ત્યાં પણ આરાધના ચાલુ રાખે છે, આત્માનું સુખ ચાખ્યું છે એટલે બાહ્ય વૈભવમાં મૂર્છાતા નથી. સ્વર્ગમાં જન્મે ત્યાં સૌથી પહેલાં એને એમ થાય કે અહો, આ તો મેં પૂર્વભવમાં ધર્મનું સેવન કર્યું તેનો પ્રતાપ છે, મારી આરાધના અધૂરી રહી ગઈ ને રાગ બાકી રહ્યો તેથી અહીં અવતાર થયો; પૂર્વે જિનેન્દ્ર ભગવાનનાં પૂજન-ભક્તિ કર્યાં તેનું આ ફળ છે; માટે ચાલો સૌથી પહેલાં જિનેન્દ્રભગવાનનું પૂજન કરીએ. એમ કહીને સ્વર્ગમાં જે શાશ્વત જિનપ્રતિમા છે તેનું પૂજન કરે છે. એ રીતે સ્વર્ગમાં પણ

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦. –શ્રી સમયસાર**

આરાધકભાવ ચાલુ રાખીને ત્યાંનું અસંખ્યવર્ષનું આયુષ્ય પૂર્ણ થતાં ઉત્તમ મનુષ્યકુળમાં અવતરે છે, ને યોગ્યકાળે વૈરાગ્ય પામી મુનિ થઈ આત્મસાધના પૂરી કરી કેવળજ્ઞાન પ્રગટાવી સિદ્ધાલયમાં પધારે છે.

જુઓ, આ શ્રાવકદશાનું ફળ! શ્રાવકને સિદ્ધ ભગવાન જેવા આત્મિક આનંદનો અંશ હોય છે; ને તે એકાવતારી પણ થાય છે. આ ઉત્કૃષ્ટ વાત કરી. કોઈ જીવને બે–ત્રણ કે વધુમાં વધુ આઠ ભવ પણ (આરાધક ભાવ સહિતના, મનુષ્યના) હોય. પણ એ તો મોક્ષપુરીમાં જતાં જતાં વચ્ચે વિસામો લેવા પૂરતા છે.

જુઓ, આ શ્રાવકધર્મના ફળમાં મોક્ષપ્રાપ્તિ કહી, એટલે અહીં શ્રાવકધર્મમાં એકલા પુણ્યની વાત નથી, પરંતુ સમ્યક્ત્વસહિતની શુદ્ધતાપૂર્વકની આ વાત છે. આત્માના ભાન વગર સાચું શ્રાવકપણું ન હોય. શ્રાવકપણું શું છે તેનીય ઘણાને ખબર નથી. જૈનકુળમાં જન્મવાથી શ્રાવકપણું માની લ્યે પણ એવું શ્રાવકપણું નથી. શ્રાવકપણું તો આત્માની દશામાં છે. આપણે તો ગૃહસ્થ છીએ એટલે સ્ત્રી–કુટુંબની સંભાળ લેવી તે આપણી ફરજ છે–એમ અજ્ઞાની માને છે.—પણ ભાઈ! તારી સાચી ફરજ તો પોતાના આત્માને સુધારવાની છે, જીવનમાં એ જ સાચી ફરજ છે, બાકી પારકી ફરજ તારા ઉપર નથી. અરે, પહેલાં આવી શ્રદ્ધા તો કર! શ્રદ્ધા પછી અલ્પ રાગાદિ થશે પણ ધર્મી તેને કર્તવ્ય નહિ સ્વીકારે એટલે તે લૂલ્લા થઈ જશે, અત્યંત મંદ થઈ જશે. જેમ રંગબેરંગી કપડાંથી વીંટાયેલી સોનાની લગડી તે કાંઈ વસ્ત્રરૂપ થઈ નથી, તેમ ચિત્રવિચિત્ર પરમાણુના પુંજથી વીંટાયેલી આ ચૈતન્યલગડી તે કાંઈ શરીરરૂપ થઈ નથી, ભિન્ન જ છે. આત્માને જ્યાં શરીર જ નથી ત્યાં પુત્ર–મકાન વગેરે કેવાં?–એ તો સ્પષ્ટપણે બહાર દૂર પડ્યાં છે. આવું ભેદજ્ઞાન કરવું તે સાચો વિવેક અને ચતુરાઈ છે. બહારની ચતુરાઈમાં તો કાંઈ હિત નથી. ચતુર તેને કહેવાય કે જે ચૈતન્યને ચેતે; વિવેકી તેને કહેવાય કે જે સ્વપરનો વિવેક કરે એટલે કે ભિન્નતા જાણે; જીવ તેને કહેવાય કે જે જ્ઞાન–આનંદમય જીવન જીવે; ડાહ્યો તેને કહેવાય કે જે આત્માને જાણવામાં પોતાનું ડહાપણ વાપરે. આત્માને જાણવામાં જે મૂઢ રહે તેને ડાહ્યો કોણ કહે?–એને ચતુર કોણ કહે? એને વિવેકી કોણ કહે? ને આત્માના જ્ઞાન વગરના જીવને જીવન કોણ કહે? ભાઈ, મૂળભૂત વસ્તુ તો આત્માની ઓળખાણ છે. તીર્થયાત્રામાં પણ મુખ્ય હેતુ એ છે કે તીર્થમાં આરાધક જીવોનું વિશેષ સ્મરણ થાય તથા કોઈ સંત–ધર્માત્માનો સત્સંગ મળે, અહિંસા વગેરે

> **સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,**
> **એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.　　–શ્રી સમયસાર**

અણુવ્રતનું પાલન, જિનેન્દ્રદેવનાં દર્શન-પૂજન, તીર્થયાત્રા વગેરેથી શ્રાવકને ઉત્તમ પુણ્ય બંધાય છે ને તે સ્વર્ગમાં જાય છે. જોકે શ્રાવકને કાંઈ એવી ભાવના નથી કે હું પુણ્ય કરું ને સ્વર્ગમાં જાઉં; પણ, જેમ કોઈને ૨૪ ગાઉ જવું હોય ને ૧૬ ગાઉ ચાલીને વચ્ચે જરાવાર વિસામો લેવા રોકાય, તે કાંઈ ત્યાં રોકાવા માટે નથી, એનું ધ્યેય તો ૨૪ ગાઉએ જવાનું છે; તેમ ધર્મીને સિદ્ધપદમાં જતાં–જતાં, રાગ ટળતાં–ટળતાં, કાંઈક રાગ બાકી રહી ગયો એટલે વચ્ચે સ્વર્ગનો ભવ થાય છે, પણ એનું ધ્યેય કાંઈ ત્યાં રોકાવાનું નથી, એનું ધ્યેય તો પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવી તે જ છે. મનુષ્યમાં હો કે સ્વર્ગમાં હો પણ તે પરમાત્મપદની પ્રાપ્તિની ભાવનાથી જ જીવન ગાળે છે. જુઓને, શ્રીમદ્ રાજચંદ્રજી પણ ગૃહસ્થપણામાં રહીને મુનિદશાની કેવી ભાવના ભાવતા હતા? ('અપૂર્વ અવસર' કાવ્યમાં મુનિપદથી માંડીને સિદ્ધદશા સુધીના પરમપદની ભાવના ભાવી છે.) અંશે શુદ્ધપરિણતિ સહિત ધર્માત્માનું જીવન પણ અલૌકિક હોય છે.

પુણ્ય ને પાપ, અથવા શુભ ને અશુભરાગ તે વિકૃતિ છે, તેના અભાવથી આનંદદશા પ્રગટે છે તે સ્વાભાવિક મુક્તદશા છે. સાધકને પણ એવી આનંદદશાનો નમૂનો પ્રગટી ગયો છે.—આવી દશાને ઓળખી તેની ભાવના ભાવીને, જેમ બને તેમ સ્વરૂપની રમણતા વધારવાનો ને રાગને ઘટાડવાનો પ્રયત્ન કરવો, જેથી અલ્પકાળમાં પૂર્ણ પરમાત્મદશા પ્રગટવાનો પ્રસંગ આવે.

ભાઈ, સર્વ રાગ ન છૂટે ને તું ગૃહસ્થાશ્રમમાં હો ત્યારે તારી લક્ષ્મીને ધર્મપ્રસંગમાં વાપરીને સફળ કર. જેમ ચંદ્રકાન્તમણિની સફળતા ક્યારે? કે ચન્દ્રકિરણના સ્પર્શે તેમાંથી અમૃત ઝરે ત્યારે; તેમ લક્ષ્મીની શોભા ક્યારે? કે સત્પાત્રના યોગે તે દાનમાં વપરાય ત્યારે. શ્રાવક ધર્મીજીવ નિશ્ચયમાં તો અંતરમાં પોતે પોતાને વીતરાગભાવનું દાન આપે છે, ને શુભરાગવડે મુનિ પ્રત્યે સાધર્મીઓ પ્રત્યે ભક્તિથી દાનાદિ કરે છે, જિનેન્દ્રદેવના પૂજનાદિ કરે છે, એવો તેનો વ્યવહાર છે. આ પ્રમાણે ચોથી–પાંચમી ભૂમિકામાં ધર્મીને આવા નિશ્ચય-વ્યવહાર હોય છે. કોઈ કહે છે કે ચોથી ભૂમિકામાં નિશ્ચય ન હોય–તો તે વાત ખોટી છે. નિશ્ચય વગર મોક્ષમાર્ગ કેવો? અને, ત્યાં નિશ્ચયની સાથે પૂજા–દાન–અણુવ્રત વગેરે જે વ્યવહાર છે તેને પણ ન સ્વીકારે તો તે પણ ભૂલ છે. જે ભૂમિકામાં જે પ્રકારના નિશ્ચય-વ્યવહાર હોય તેને બરાબર સ્વીકારવા જોઈએ.

(જુઓ અનુસંધાન પેજ નં. ૭ ઉપર)

**એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.** **–શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

ધર્માત્મા વિચાર કરે છે કે હું કોણ છું ? મારું સ્વરૂપ શું છે ? તે સ્વરૂપ કેમ પ્રાપ્ત થાય ?—આમ ત્રણ પ્રશ્નો કરે છે. પ્રથમ પદ પોતાના ચૈતન્ય જાજ્વલ્યમાન જ્ઞાન-દર્શનની વ્યક્તતા છે. તે ઉપયોગનો પ્રકાશ છે, તેના ભેદ પાડે છે. એક દર્શન-જ્ઞાનઉપયોગ છે ને બીજો ચારિત્રઉપયોગ છે. દર્શન દેખે છે ને જ્ઞાન જાણે છે તથા ચારિત્ર અંતરનું આચરણ કરે—એવી રીતે જ્ઞેયને દેખતાં—જાણતાં આચરણ કર્યું. પરને જાણ્યું ને પરને દેખ્યું પણ પોતાનો ભગવાન આત્મા આખો પડ્યો છે તેમાં ઉપયોગ ન જોડ્યો. પર્યાય ક્ષણિક છે, તે મારું સ્વરૂપ નથી. ત્રિકાળી સ્વભાવ એકરૂપ છે તે મારું સ્વરૂપ છે, તે તરફ ઉપયોગ લગાવ્યો નહિ, તેથી અતીન્દ્રિય સુખનો લાભ મળ્યો નહિ.

અનંતા તીર્થંકરો થયા, તેઓ પોતાના સ્વભાવમાં ઉપયોગ લગાવી શુદ્ધ થયા, બીજો કોઈ ઉપાય નથી. અંતરના અવલંબને એકાગ્રતા કરી પરમાનંદ દશા પામી સુખી થયા. હવે મારે પણ એવું સ્વરૂપ શુદ્ધ કરવું છે. વસ્તુ તો શુદ્ધ છે પણ પર્યાયમાં શુદ્ધતા કરવી છે. પર્યાયને સ્વભાવ તરફ વાળી શુદ્ધ કરવી છે એમ ધર્માત્મા વિચાર કરે છે.

ધર્માત્મા નિરંતર સ્વરૂપનું સેવન કરે છે. નબળાઈથી રાગ આવે છે તેને જાણે છે, પણ રાગાદિને સેવતા નથી. તીર્થંકરોએ પૂર્ણ દશા પ્રગટ કરી, મુનિઓ સેવન કરી રહ્યા છે. ભક્તિ, પૂજા, જાત્રાનો શુભરાગ હોય છે પણ તે વ્યવહાર જાણવા માટે છે, તે મૂળ સ્વરૂપ નથી. તે વખતે પણ સ્વરૂપ સેવનની દૃષ્ટિ છે. સ્વરૂપને ભૂલનારની ભક્તિ આદિ વ્યર્થ છે. સ્વરૂપનું ભાન હોય તો રાગને વ્યવહાર કહેવાય છે. ધર્માત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને, પર પદાર્થને આત્માથી ભિન્ન જાણીને, વિચારે છે કે મારું પદ સર્વોત્કૃષ્ટ છે. તેને અવલોકી મારું કાર્ય કરવું ઉચિત છે. ચિદાનંદ સૂર્ય કર્મના વાદળાંમાં ઢંકાઈ ગયો છે, છતાં સ્વરૂપસૂર્યનો પ્રકાશ વાદળાંથી હણાયો નથી. અહીં પર્યાયમાં કમી છે તેની વાત નથી, સ્વભાવની વાત છે. ચૈતન્યસૂર્ય કર્મથી હણાયો નથી. કર્મોનું નિમિત્તરૂપે આવરણ છે, છતાં ચિદાનંદ સ્વરૂપને તે હણી શકે નહિ. મારા ચૈતન્યસ્વભાવને જડ કરી

**ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩. –શ્રી સમયસાર**

દે એવી કોઈની તાકાત નથી. કષાયચક્ર આત્માને અચેતન કરી શકે નહિ. મારા ચૈતન્યસૂર્યને કર્મરૂપી વાદળાં હણી શકે નહિ. મારી ચીજ એવી ને એવી પડી છે, તેમ ધર્માત્મા શ્રદ્ધા-જ્ઞાન માટે વિચાર કરે છે. મેં મારા સ્વભાવની સંભાળ નહિ કરતાં પુણ્ય-પાપના ભાવને સંભાળ્યા તે મારી ભૂલ છે, સ્વપદ ભૂલ્યો છું, કોઈએ ભૂલ કરાવી નથી. મારો જ્ઞાનાનંદ સૂર્ય છે, તે કદી જડ થાય નહિ, શરીર અને કર્મરૂપે થાય નહિ. છતાં મારી ભૂલથી શરીર તથા કર્માદિને મારાં માની સ્વરૂપને ભૂલ્યો છું—એમ ધર્માત્મા વિચારે છે. અહો ! મારો ચૈતન્યનિધિ અંતરમાં છે તેને ભૂલી પરને મારાં માની રહ્યો છું, તે ભૂલ છોડીને નિજપદ દેખે તો સ્વપદ તો જેમનું તેમ પડ્યું છે. શરીરાદિ જડ છે. પર્યાયમાં વિકાર-દોષ છે. દોષરહિત સ્વભાવપ્રભુ તો એવોને એવો પડ્યો છે.

સમ્યગ્જ્ઞાનદીપિકામાં દૃષ્ટાંત છે :—પાણીથી ભરેલું તળાવ છે, ત્યાં ધોબી કપડાં ધોવા જાય છે; ત્યાં કપડાં ધોતાં તૃષા લાગી, પણ બે કપડાં ધોઈને પાણી પીશ એમ ધોવાના લોભે પાણી પીધું નહીં. પાણી હોવા છતાં પાણી ન પીધું ને તરસ્યો રહીને મૂર્છા ખાઈ મરણ પામ્યો. ગુરુએ કહ્યું કે તારા પદને સંભાળ, પણ શિષ્ય એક પછી એક કામમાં રોકાઈ જાય છે. દીકરા-દીકરીને પરણાવી લઉં, કુટુંબનું કરી લઉં, વેપાર કરું—એમ એક પછી એક વિકારભાવ કર્યા કરે છે, કદાચિત્ પુણ્યપરિણામમાં આવ્યો ત્યાં દયા-દાનાદિમાં તથા વ્રતપાલનાદિમાં મોક્ષમાર્ગ માની રોકાયો પણ ચિદાનંદપદની સંભાળ કરવા રોકાયો નહિ, ત્યાં આયુષ્ય પૂરું થઈ જાય છે ને મનુષ્યભવ હારી જાય છે.

અહીં અનુભવપ્રકાશમાં રત્નનું દૃષ્ટાંત આપે છે :—

જેમ કોઈ રત્નદ્વીપનો મનુષ્ય રત્નના મંદિરોમાં અનેક રત્નના ઢગલામાં રહેતો હતો. તે માણસ કમરમાં બાંધેલા કંદોરાને જાણતો ન હતો. તે કંદોરામાં કિમતી નીલમણિ વગેરે રત્નો હતાં. તે મનુષ્ય પોતાના દેશમાં આવ્યો. પોતાના કંદોરામાં અનેક મણિ હતાં. એક દિવસ સરોવરમાં સ્નાન કરવા ગયો. કંદોરાના મણિની પ્રભાથી સરોવરનું પાણી લીલું થઈ ગયું. તે એક ઝવેરીએ જોયું. પેલો ઝવેરી તેની પાસેથી એક નંગ લઈને તે માણસને રાજાની પાસે લઈ ગયો. એક મણિના બદલામાં એક કરોડ મંદિર (ઘર) ભરાય એટલી સોનામહોર રાજા પાસેથી તેને અપાવી.

તેથી તે રત્નદ્વીપનો માણસ પસ્તાયો કે અરે રે ! તે બેટમાં રત્નના ઢગલા હતા. તેને

**મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે,**
**એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.** —**શ્રી સમયસાર**

હું પીછાની ન શક્યો. એ જ પ્રમાણે આત્મા અનાકુળ શાંતિથી ભરેલો છે, તેમાંથી સમ્યક્‌જ્ઞાનની એક પર્યાય ખીલે તેની કિંમત ઘણી છે, તો ચિદાનંદ આત્માની તો શી વાત ? તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સ્વચ્છત્વ, વિભુત્વ, અસ્તિત્વ વગેરે અનેક ગુણો રત્નસમાન ભરેલા છે. ગુરુએ તેને કહ્યું કે શ્રુતજ્ઞાનમાં ઘણી તાકાત છે તો કેવળજ્ઞાન પ્રગટાવે તેની શી વાત ? તે પર્યાયનો નિધિ શુદ્ધ આત્મા છે. જ્ઞાનથી ઝળહળતો, આનંદથી ઓપતો ને શાંતિથી ભરેલો આત્મા છે. જેટલા ભગવાન થયા તે અંતર્મુખ દ્રષ્ટિથી થયા છે. પોતાનું નિધાન પોતા પાસે છે એમ પોતાને પીછાણતાં જ સુખી થાય છે.

સ્વસન્મુખ થયેલી શ્રુતજ્ઞાનની એક પર્યાયમાં સર્વજ્ઞ જે કહે તે બધું પરોક્ષ રીતે ભાસી જાય છે. આવી કળા શ્રુતજ્ઞાનમાં છે. પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટ કરે એવો આત્મા મારી સમીપ છે, તેથી મારો આત્મા જ્ઞાનનો ધારક છે. શરીર, મન, વાણીએ જ્ઞાનપ્રકાશ ધાર્યો નથી. મારું સ્વરૂપ અનંત ચૈતન્યશક્તિ સ્વભાવથી શોભિત છે. જેટલા પરમાત્મામાં ગુણ છે તેટલા મારામાં છે. કસ્તૂરિયા મૃગને કસ્તૂરીની ગંધ પોતાની ડૂંટીમાંથી આવે છે. છતાં તે ગંધ બહારથી આવતી હોય તેમ માને છે તેથી વનસ્પતિને સૂંઘવા જાય છે, તેમ જ્ઞાનાનંદસ્વરૂપ હું છું, બધા પદાર્થો મારા અસ્તિત્વમાં જ્ઞેયપણે જણાય છે, છતાં પુસ્તકમાં, પર્વતના એકાંત સ્થાનમાં ને બાહ્ય સંયોગોમાં આત્મભગવાનને શોધવા જાય તે ભૂલ છે. પોતાનો ભગવાન પોતાની સમીપ છે, મારો ઉપયોગ એટલે જાણવા–દેખવાનો વેપાર સ્વભાવમાં એકાગ્ર કરવાથી સુખ થાય છે, તે મારે આધીન છે. કોઈના શાપથી કોઈ દુઃખી નથી ને કોઈના આશીર્વાદથી કોઈનું કલ્યાણ થતું નથી.

કોઈ જીવ પાપના પરિણામ કરીને આત્માને વેચે, કોઈ જીવ પુણ્યના પરિણામ કરીને આત્માને વેચે, કોઈ રાગરહિત શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને આત્માને પોતામાં વેચે, આત્મા તો એનો એ છે, કિંમત કરનાર ઉપર આધાર છે. કોઈ પાપમાં સુખ માને, કોઈ પુણ્યમાં સુખ માને, કોઈ ધર્મી જીવ ચૈતન્યની સંભાળ કરી સુખ માને. આમ કિંમત કરનાર ઉપર આધાર છે. અંતર શુદ્ધ ચૈતન્યસ્વભાવ એવો ને એવો પડ્યો છે, તેમાં પોતાના પરિણામરૂપ ઉપયોગને ધારણ કરી રાખું તો અનાદિ દુઃખ મટી જાય અને પરમપદનો ભેટો થાય–એમ ધર્માત્મા વિચારે છે. (ક્રમશઃ)

વળી તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,
ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫. –શ્રી સમયસાર

## ભાઈ! તારા ચૈતન્યસ્વભાવની ચમત્કારીક જાદુગરી એકવાર સ્વના લક્ષે સાંભળ! તારા મિથ્યાત્વના ભૂક્કા ઊડી જાય એવી આ ચૈતન્યચમત્કારની વાત છે

(પૂજ્ય ગુરુદેવશ્રીના અત્યંત ઉલ્લાસભર્યા હૃદયોદ્‌ગાર)

નારકીને એટલું દુઃખ છે કે તેના એક સમયના દુઃખને કરોડો જીભથી કરોડો વર્ષ સુધી કહે તોપણ કહી શકાય નહિ. તેમ જીવના એક એક ગુણને એક-એક મિનિટ કે એક-એક સમયે કહે તોપણ ત્રણકાળમાં પૂરેપૂરા કહી શકાય નહિ એટલા અનંત ગુણો જીવમાં છે, કેમકે ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશો અનંતા છે અને તેના કરતાં પણ અનંતા જીવમાં ગુણો છે. અહાહા! આવો જીવનો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ કાળમાં પણ કહી શકાય નહિ એટલા અનંતા ગુણોને ધરનાર દ્રવ્યની પ્રતીતિ એક સમયની પર્યાય કરે છે, એ પર્યાયની તાકાત કેટલી? એ એક સમયના અવિભાગ પ્રતિચ્છેદ કેટલા? અહાહા! વસ્તુનો સ્વભાવ કેવો છે! અહાહા! એ અનંત ગુણમય દ્રવ્યની શ્રદ્ધા એક સમયની પર્યાય કરે છે. એક સમયની પર્યાય-અનંતા ગુણની પર્યાય વેદનમાં આવી જાય છે. અહાહા! આવી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ.

વસ્તુ અનંત સ્વભાવવાળું એક તત્ત્વ છે. પરમાણુ કહેતાં નાનું લાગે પણ એ અનંત સ્વભાવવાળું તત્ત્વ છે, એ જડ હોવા છતાં અનંતી શક્તિવાળું ચમત્કારી તત્ત્વ છે.

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ્ય કેટલું!—એમ અંદરમાં દેખે-પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય, વિકલ્પ તૂટ્યા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહીં. વસ્તુ છે તે સીમા રહિત છે, અમર્યાદિત વસ્તુ છે, અક્ષય અને અમેય વસ્તુ છે. એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય અને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધા પર્યાયની-જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ એમાં નથી, પરદ્રવ્ય એમાં નથી, —એમ જાણી લ્યે છે.

વસ્તુ જ આવા ચમત્કારી સ્વભાવવાળી છે. આકાશનું ક્ષેત્ર અનંત અનંત કે જેનો અંત નથી—એ શું બતાવે છે? પર્યાયની આદિ નથી કે અંત નથી એ શું બતાવે છે? કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં લોકાલોકને જાણી લ્યે છે. અરે! અનંત લોકાલોક હોય તોપણ તેને જાણવાની સામર્થ્યવાળી એ પર્યાય છે એ શું બતાવે છે?—કે વસ્તુ ચમત્કારી સ્વભાવવાળી છે.

વસ્તુ જ એવી ચમત્કારી જાદુગરી છે કે તેના ગુણોમાંથી દરેક સમયે પર્યાય પ્રગટ્યાં જ કરે છતાં પણ તે ગુણમાં ઘટ-વધ ન થાય, એવા ને એવા કાયમ રહે, એ વસ્તુનો ચમત્કાર છે. એક સૂક્ષ્મ પરમાણુ છતાં તેના અનંતા ગુણોની એક સમયમાં અનંત પર્યાય! એ કેટલી અનંત?—કે ત્રણકાળનાં સમય કરતા અનંતગુણી.

આકાશના એક પ્રદેશે અનંત નિગોદના જીવના પ્રદેશ આવે (આખો જીવ ન આવે), અનંત પરમાણુના પ્રદેશ આવે, છતાં એક-બીજાને અડે નહીં કે ભળી ન જાય એ વસ્તુનો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ લોકમાં રહેલા અનંત પરમાણુ જો સૂક્ષ્મરૂપ ધારે તો આકાશના એક પ્રદેશમાં રહી શકે અને તે બધા અનંત પરમાણુ જો સ્થૂળરૂપ ધારે તો ત્રણ લોકમાં પણ સમાઈ શકે નહીં. એક પરમાણુ તીવ્રગતિથી ગમન કરે તો એક સમયે ચૌદ રાજુ એટલે કે સાતમી નરકથી સિદ્ધલોક સુધી ગમન કરી શકે ને મંદગતિથી ગમન કરે તો એક સમયમાં આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી ગમન કરે—આવા ચમત્કારી સ્વભાવવાળા દ્રવ્યો છે.

છએ દ્રવ્યો ચમત્કારીક સ્વભાવવાળા છે. અનંત પ્રદેશી એક આકાશમાં જેટલા અનંતા ગુણો છે તેટલા જ અનંત ગુણો એક પ્રદેશી સૂક્ષ્મ પરમાણુમાં ને કાળાણુમાં પણ છે, એ પદાર્થના પોતાના સ્વભાવની ચમત્કારિકતા છે પણ એના ચમત્કારની એને ખબર નથી. એ બધાના ચમત્કારી સ્વભાવને જાણનાર જીવ છે, એ જાણનાર જીવસ્વભાવના ચમત્કારનું શું કહેવું? વસ્તુ-દ્રવ્ય અક્ષય અમેય છે, એને જાણનાર શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય પણ અક્ષય અમેય છે. અહાહા! શું એની ગંભીરતા! એની ઊંડપનું શું કહેવું?

અરે! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂક્કા ઊડી જાય એવી આ વાત છે.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—શુદ્ધ સ્વરૂપનો આવડો મોટો થાંભલો દેખાતો કેમ નથી?

ઉત્તર :—નજર બહારમાં ને બહારમાં ભમે છે એને ક્યાંથી દેખાય? પુણ્યના ભાવમાં મોટપ દેખ્યા કરે છે પણ અંદર મહાન પ્રભુ મોટો પડ્યો છે એને દેખવાનો પ્રયત્ન કરે તો દેખાય ને?

પ્રશ્ન :—જિનબિંબથી નિદ્ધત અને નિકાચિત કર્મ નાશ થાય છે અને સમ્યગ્દર્શન પામે છે તેમ ધવલમાં આવે છે તો પરદ્રવ્યના લક્ષે સમ્યગ્દર્શન થાય છે?

ઉત્તર :—ધવલમાં પાઠ આવે છે એનો અર્થ એ છે કે જિનબિંબ સ્વરૂપ નિજ અંતર આત્મા અક્રિય ચૈતન્યબિમ્બ છે તેના ઉપર લક્ષ ને દૃષ્ટિ જાય છે ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને નિદ્ધત ને નિકાચિત કર્મ ટળે છે ત્યારે જિનબિમ્બના દર્શનથી સમ્યગ્દર્શન થયું ને કર્મ ટળ્યા એમ ઉપચારથી કથન આવે છે. કેમ કે પહેલાં જિનબિમ્બ ઉપર લક્ષ હતું તેથી તેના ઉપર ઉપચારનો આરોપ કરાય છે. સમ્યગ્દર્શન સ્વના લક્ષે જ થાય, પરના લક્ષે ત્રણકાળમાં ન થાય એવી વસ્તુસ્થિતિ છે.

પ્રશ્ન :—મિથ્યાત્વનો નાશ સ્વસન્મુખ થવાથી જ થાય છે કે કોઈ બીજો ઉપાય પણ છે?

ઉત્તર :—સ્વના આશ્રયથી જ મિથ્યાત્વનો નાશ થાય છે; તે જ એકમાત્ર ઉપાય છે. તે સિવાય બીજો ઉપાય પ્રવચનસાર ગાથા ૮૬માં બતાવ્યો છે કે સ્વલક્ષે શાસ્ત્રાભ્યાસ કરવો—ઉપાયાન્તર અર્થાત્ બીજો ઉપાય છે, તેનાથી મોહનો ક્ષય થાય છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ શું છે?

ઉત્તર :—સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ છે તે રાગની મંદતા હતી માટે પ્રગટ થઈ છે એમ તો નથી જ, પણ સૂક્ષ્મતાથી જોઈએ તો દ્રવ્ય-ગુણના લઈને સમ્યગ્દર્શન થયું છે તેમ પણ નથી. સમ્યગ્દર્શનની પર્યાયનું લક્ષ અને ધ્યેય ને આલંબન દ્રવ્ય છે તોપણ તે પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. જે સમયની જે પર્યાય થવાની છે તેને

**સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;**
**નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬. –શ્રી સમયસાર**

નિમિત્ત આદિનું તો આલંબન નથી પણ દ્રવ્યના લઈને થાય છે તેમ નથી. અહાહા! અંતરની વાતો કાચા પારા જેવી બહુ ગંભીર છે, પચાવી શકે તો મોક્ષ થાય છે.

પ્રશ્ન :—"પૂર્ણતાના લક્ષે શરૂઆત તે શરૂઆત" એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે ત્યાં પૂર્ણતાના લક્ષે શરૂઆતમાં ત્રિકાળી દ્રવ્ય લેવું કે કેવળજ્ઞાન પર્યાય? કૃપા કરી સ્પષ્ટીકરણ કરશો?

ઉત્તર :—અહીં પૂર્ણતાના લક્ષમાં સાધ્યરૂપ કેવળજ્ઞાન પર્યાય લેવી. ત્રિકાળી દ્રવ્ય તો ધ્યેયરૂપ છે. કેવળજ્ઞાન ઉપેય છે અને સાધકભાવ તે ઉપાય છે. ઉપાયનું સાધ્ય ઉપેય કેવળજ્ઞાન છે.

પ્રશ્ન :—જિનવરે કહેલાં વ્યવહારચારિત્રને સાવધાનીપૂર્વક પાળવાથી સમ્યગ્દર્શન થવાનું કારણ તો થાય ને?

ઉત્તર :—જરીયે કારણ થાય નહિ. સમ્યગ્દર્શન થવાનું કારણ તો પોતાનો ત્રિકાળી આત્મા જ છે. ભગવાને કહેલા વ્યવહારચારિત્રને સાવધાનીપૂર્વક અને પરિપૂર્ણ પાળે તોપણ તેનાથી સમ્યગ્દર્શન થતું નથી. આ તો વીરાનો માર્ગ છે—શૂરાનો માર્ગ છે. કાયરનું કામ નથી. શુભરાગને ધર્મ કે ધર્મનું કારણ માનનાર બધા કાયર છે.

પ્રશ્ન :—બંને અપેક્ષાઓનું પ્રમાણજ્ઞાન કરે પછી પર્યાયદૃષ્ટિ ગૌણ કરે, નિશ્ચયદૃષ્ટિને મુખ્ય કરે—આટલી મહેનત કરવાને બદલે—આત્મા ચૈતન્ય છે—ફક્ત એટલું જ અનુભવમાં આવે તો એટલી શ્રદ્ધા સમ્યગ્દર્શન છે કે નહિ?

ઉત્તર :—નહિ; નાસ્તિક મત સિવાય બધાય મતવાળા આત્માને ચૈતન્યમાત્ર માને છે. જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો બધાને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે. સર્વજ્ઞ વીતરાગે આત્માનું જેવું સ્વતંત્ર અને પૂર્ણસ્વરૂપ કહ્યું છે—તેવું આ સમાગમથી જાણીને, સ્વભાવથી નિર્ણય કરીને તેનું જ શ્રદ્ધાન કરવાથી નિશ્ચય સમ્યક્ત્વ થાય છે. સર્વજ્ઞને સ્વીકારનારા જીવે એ નિર્ણય કર્યો છે કે અલ્પજ્ઞ જીવ અપૂર્ણ અવસ્થાના કાળમાં પણ સર્વજ્ઞ પરમાત્મા જેવો પૂર્ણ સામર્થ્યવાન છે. પૂર્ણને સ્વીકારનાર દરેક સમયે પૂર્ણ થવાની શક્તિ ધરાવે છે. પરોક્ષ જ્ઞાનમાં, વસ્તુના વર્તમાન સ્વતંત્ર ત્રિકાળી અખંડ પૂર્ણ સ્વરૂપનો નિર્ણય પૂર્ણતાના લક્ષ્યથી જ થાય છે. શુદ્ધનયથી એમ જાણવું એ નિશ્ચયસમ્યક્ત્વ છે.

**રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;**
**રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭. —શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—વૈરાગ્યના પ્રસંગે ઉપયોગ અંદર કેમ રાખવો તે વિસ્તારથી સમજાવવા કૃપા કરશો.

પૂજ્ય બહેનશ્રી :—વારંવાર ઉપયોગને આત્મા તરફ ફેરવ્યા કરવો. શરીરના કે બીજા વિચારો આવે તો 'આત્મા જ્ઞાયક છે, આત્મામાં સુખ અને આનંદ છે, સંયોગો તો બધા બહારના છે, તેને ફેરવવા તે પોતાના હાથની વાત નથી—એમ ઉપયોગને વારંવાર અંતર તરફ ફેરવ્યા કરવો, વાંચન કરવું, સારા વિચારો કરવા. જીવ એકલો આવ્યો અને એકલો જાય છે. તેને અન્ય કોઈ શરણ નથી, એક આત્મા જ શરણ છે. ગુરુદેવે કહ્યો તે માર્ગ શરણ છે. અનંતા જન્મ-મરણ કર્યા તેમાં આ મનુષ્યભવ મળ્યો ને તેમાં આયુષ્ય ક્યારે પૂરું થાય તેનો કોઈ ભરોસો છે ? અરે, આયુષ્ય તો ક્ષણભંગુર છે. કેટલાયને છોડી પોતે ચાલ્યો ગયો અને પોતાને છોડી બીજા ગયા, એવો આ સંસાર છે.

દેવોનાં સાગરોપમનાં આયુષ્ય પણ પૂરાં થાય છે અને ચક્રવર્તીનાં આયુષ્ય પણ પૂરાં થાય છે. જ્યારે આ તો સામાન્ય મનુષ્ય જીવન છે. ચોથા કાળમાં પણ જુઓ ને કેવું બને છે ! કે કોઈ લડાઈમાં ગયા હોય અને ત્યાં જ આયુષ્ય પૂરું થઈ જાય છે. કઈ રીતે આયુષ્ય પૂરું થાય તેનો કોઈ ભરોસો નથી. જેણે આત્માને ગ્રહણ કર્યો હોય ને આત્માના સંસ્કાર નાંખ્યા હોય તે ખરે ટાઈમે શરણ થાય છે. આવા પ્રસંગે પંચપરમેષ્ઠી, ગુરુ અને આત્મા યાદ કરવા. આયુષ્ય તો પાણીના પરપોટા જેવું છે, ઝાકળના બિંદુ જેવું છે. ક્યારે તે પૂરું થાય તેની ખબર પણ ન પડે. માટે તો મોટા ચક્રવર્તીઓ, તીર્થંકરો આ સંસાર છોડીને મુનિદશા અંગીકાર કરે છે. ખરું સુખ અને આનંદ આત્મામાં છે. બહારમાં ક્યારે શું બને તે ખબર પડતી નથી.


મુમુક્ષુ :—આપ કહો છો તેમ જ છે.

બહેનશ્રી :—ભગવાન આત્મા પોતાની પાસે જ છે, એનું રટણ કર્યા કરવું. ભગવાન આત્મા પોતે અનંતશક્તિનો ભંડાર છે, તેને યાદ કરવો. આ શરીર તો જડ છે, તે કાંઈ જાણતું નથી. પોતે જાણનારો અંદર બેઠો છે તે અનંતશક્તિ—અનંત સુખથી ભરેલો છે અને આશ્ચર્યકારી છે, તેનું રટણ કરવું. (જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)

# બાળ વિભાગ

## એક મૂર્ખ....ફરી બુદ્ધિમાન બની ગયો

એક બુદ્ધિમાન બાળક...... મૂર્ખ બની ગયો.



એક બાળક રાત્રિના અંધકારમાં મનુષ્ય જેવો આકાર જોઈને તેની સાથે વાત કરવા લાગ્યો અને તેની સાથે પ્રેમ કરવા લાગ્યો. પરંતુ તે તેની સાથે કોઈ જાતની વાત કરતો ન હતો. તેથી તે બાળક તેની ઉપર ચીડાતો હતો....દુઃખી થતો હતો...આમ કરતા તે પૂરી રાત્રિ રાગ-દ્વેષપૂર્વક પસાર કરતો થકો દુઃખી થયો.

આમ જ્ઞાનસ્વરૂપી આત્મા......અજ્ઞાની બની ગયો.

અજ્ઞાનને કારણે તે જડ શરીરને પોતાનું માની શરીરના સુખમાં હું સુખી અને શરીરના દુઃખમાં હું દુઃખી. હું બોલું છું, હું ખાઉં છું, હું જન્મ લઉ છું, હું મરણ પામું છું—આ પ્રકારે શરીરની ચેષ્ટાને જ પોતાની માની તે દુઃખી થાય છે.

પછી શું થયું ?.....પછી, તે બુદ્ધિમાન બની ગયો.

સવાર પડતા થોડો પ્રકાશ થયો અને કોઈએ તે બાળકને સમજાવ્યો : "અરે મૂર્ખ ! અહીંયા મનુષ્ય ક્યાં છે ? આ તો વૃક્ષનું ઠુઠુ છે."



બસ, આ જ્ઞાન થતા જ તે બુદ્ધિમાન બાળક સમજી ગયો.

"અરે ! આ વૃક્ષના ઠુંઠાને મનુષ્ય સમજીને મેં મૂર્ખતાથી અત્યાર સુધી પૂરી રાત્રિ તેની સાથે રાગ-દ્વેષ કરી વ્યતીત કરી દીધી."

આ જ પ્રકારે અજ્ઞાની જીવને જ્ઞાનસૂર્યનો ઉદય થતા જ આત્માનું ભાન થયું—"અરે ! આ શરીર તો જડ છે, હું ચેતન છું. શરીરની ખાવા-પીવાની-બોલવાની આદિ ચેષ્ટાઓને પોતાની માનીને, તેમાં રાગ-દ્વેષ કરીને પોતાનું સ્વરૂપ ન ઓળખીને હું અત્યારસુધી દુઃખી થયો."

આ પ્રમાણે દેહથી ભિન્ન પોતાને ચૈતન્યસ્વરૂપ જાણીને, ચૈતન્યમય ચેષ્ટાઓ દ્વારા તે જીવ સુખી થયો. તેથી અજ્ઞાનથી જીવ દુઃખી થાય છે અને સ્વ-પર ભેદવિજ્ઞાનથી જીવ સુખી થાય છે. (સમાધિશતક, દોહા ૨૧-૨૨ ઉપર આધારિત)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

* **સમવસરણ મંદિર ૭૬મો વાર્ષિક પ્રતિષ્ઠા દિન :—**વૈશાખ વદ ૬, તા. ૧૭-૫-૨૦૧૭, બુધવારના રોજ સોનગઢના શ્રી સમવસરણ મંદિરનો ૭૬મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિ સહિત ઊજવવામાં આવશે.

* **સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટનનો તેમજ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૮૦મો વાર્ષિક દિવસ :—**તા. ૧૯-૫-૨૦૧૭, વૈશાખ વદ ૮, શુક્રવારના દિવસે સોનગઢના સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટનનો તેમજ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૮૦મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજન સહ ઊજવવામાં આવશે.

* **શ્રુતપંચમી પર્વ :—**જેઠ સુદ ૫, તા. ૩૦-૫-૨૦૧૭, મંગળવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

---

**શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, સુરત તથા**

**સમ્યક્‌ત્વજયંતી મહોત્સવના સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા**

## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસ સહ સંપન્ન

### પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૫મો

# ❀ સમ્યક્‌ત્વજયંતી મહોત્સવ ❀

આ સમ્યક્‌ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૯-૩-૨૦૧૭ થી ૨૩-૩-૨૦૧૭ સુધી પંચદિવસીય ભવ્ય સમારોહપૂર્વક ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

### * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો—ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડલ વિધાન, વિવિધ બેનરોથી શોભિત મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી નાટક સમયસાર' ઉપર સીડી પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ

ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ (સાંજી-ભક્તિ), ધાર્મિક શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો.

આ ઉત્સવમાં દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પ્રતિક્રમણ હિન્દી, આલોચના હિન્દી, સમવસરણસ્તુતિ હિન્દી પુસ્તકોનું વિમોચન બ્ર. શ્રી વજુભાઈ અને ટ્રસ્ટના પ્રમુખશ્રી હસમુખભાઈ વોરા તથા પુસ્તકના સ્થાયી પુરસ્કર્તાઓના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

### * પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

તા. ૨૩-૩-૨૦૧૭ને ગુરુવારના દિવસે મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે વઢવાણ ભજન મંડળીએ મધુર ભક્તિગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મહોત્સવના આયોજકો તથા સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા ભોજન વ્યવસ્થા તથા આવાસ વ્યવસ્થા સુંદર રીતે કરી હતી. ❑ ❑ ❑


## નીચે લખેલા પ્રકાશનો વેચાણવિભાગમાં આવી ગયેલ છે.

(૧) અષ્ટપ્રાભૃત (હિન્દી) રૂા. ૫૦=૦૦
(૨) પૂજા સંગ્રહ (ગુજરાતી) રૂા. ૩૦=૦૦
(૩) સ્તવન મંજરી (ગુજરાતી) રૂા. ૨૦=૦૦
(૪) અપૂર્વ અવસર પ્રવચન (ગુજ.) રૂા. ૧૦=૦૦
(૫) પ્રતિક્રમણ (ગુજરાતી) રૂા. ૧૦=૦૦
(૬) સત્તાસ્વરૂપ (હિન્દી) રૂા. ૧૦=૦૦
(૭) પ્રતિક્રમણ (હિન્દી) રૂા. ૧૦=૦૦
(૮) સમવસરણ સ્તુતિ (હિન્દી) રૂા. ૧૦=૦૦
(૯) આલોચના (હિન્દી) રૂા. ૧૦=૦૦
(૧૦) તત્ત્વજ્ઞાન તરંગિણી (હિન્દી) રૂા. ૧૦=૦૦
(૧૧) શ્રાવકધર્મ પ્રકાશ (ગુજ.) રૂા. ૨૦=૦૦
(૧૨) જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૫ (ગુજરાતી) રૂા. ૩૦=૦૦
(૧૩) જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૫ (હિન્દી) રૂા. ૩૦=૦૦
(૧૪) પંચકલ્યાણક પ્રવચનો (ગુજ) રૂા. ૩૦=૦૦

પુસ્તક મેળવવા માટે નીચેના સરનામે પત્રથી
અથવા ફોનથી સંપર્ક કરવો.

સાહિત્યપ્રકાશન વિભાગ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)
ફોન : ૦૨૮૪૬ ૨૪૪૩૩૫, મો. : ૦૯૩૩૭૧૫૪૧૦૮

## (૪૬)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૪૩ : કાર્મણવર્ગણા અને કાર્મણશરીરમાં શું ફેર છે ?

ઉત્તર : કાર્મણવર્ગણાના જે પરમાણુઓ છે તેઓ હજુ કર્મરૂપે થયા નથી પણ કર્મરૂપે થવાની તેનામાં લાયકાત છે. અને જે પરમાણુઓ આઠ કર્મરૂપે પરિણમ્યા છે તે કર્મોના સમૂહને કાર્મણશરીર કહેવામાં આવે છે.

પ્રશ્ન-૪૪ : અરિહંતને ક્યા કર્મો બાકી છે ?—શા માટે ?

ઉત્તર : અરિહંતને વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિકર્મો બાકી છે, કેમકે હજી તેમને તે પ્રકારનો ઉદયભાવ બાકી છે.

પ્રશ્ન-૪૫ : પહેલાં કેવળજ્ઞાન થાય કે કેવળદર્શન—શા માટે ?

ઉત્તર : કેવળજ્ઞાન અને કેવળદર્શન એક સાથે જ (એક જ સમયે) થાય છે. કેમકે પૂરી દશામાં ઉપયોગમાં ક્રમ પડતો નથી; જ્ઞાન ને દર્શન બંને સળંગ વર્તે છે.

પ્રશ્ન-૪૬ : ધર્મદ્રવ્ય ચાલે ત્યારે તેને કોણ નિમિત્ત થાય ?

ઉત્તર : ધર્મદ્રવ્ય સ્વભાવથી જ સ્થિર છે, તે કદી ચાલતું નથી.

પ્રશ્ન-૪૭ : ધર્મદ્રવ્ય કેટલા દ્રવ્યોને સ્થિર થવામાં નિમિત્ત થાય ?

ઉત્તર : ધર્મદ્રવ્ય સ્થિર થવામાં નિમિત્ત થતું નથી પણ જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય જ્યારે ગતિ કરે ત્યારે તેને ગતિમાં ધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે. સ્થિતિમાં નિમિત્ત અધર્મદ્રવ્ય છે.

પ્રશ્ન-૪૮ : સંસારી જીવોને કેટલા પ્રકારનાં શરીર હોય છે ?

ઉત્તર : સંસારી જીવોમાં કુલ પાંચ પ્રકારના શરીર હોય છે.—ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ. તેમાંથી કોઈ એક જીવને એક સાથે વધુમાં વધુ ચાર ને ઓછામાં ઓછા બે શરીર હોય છે. એક અથવા પાંચ શરીર કોઈને હોતાં નથી.

પ્રશ્ન-૪૯ : બે શરીર ક્યા જીવને હોય ?

ઉત્તર : એક ભવમાંથી બીજા ભવમાં ગતિ કરતા જીવને ઘણો જ અલ્પકાળ (એક, બે કે ત્રણ સમય) કાર્મણ અને તૈજસ એ બે જ શરીર હોય છે.

પ્રશ્ન-૫૦ : ચાર શરીર ક્યા જીવને હોય ?

ઉત્તર : આહારકલબ્ધિ સંપન્ન છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને (વૈક્રિયિક સિવાયના) ચાર શરીર હોય છે.

પ્રશ્ન-૫૧ : જીવનું પરમાર્થ શરીર ક્યું ?

ઉત્તર : જીવનું પરમાર્થ શરીર ‘જ્ઞાન’ છે. જીવનું જ્ઞાનશરીર કદી જુદું ન પડે. પાંચ શરીરો પુદ્‌ગલના બનેલા અચેતન છે, તે ખરેખર જીવનાં નથી.

પ્રશ્ન-પ૨ : 'કાળો રંગ' તે અનુજીવી ગુણ છે કે પ્રતિજીવી ગુણ ?

ઉત્તર : 'કાળો રંગ' તે ગુણ નથી પણ ગુણની પર્યાય છે. પુદ્‌ગલ દ્રવ્યમાં રંગ નામના ગુણની કાળી હાલત છે તેને કાળો રંગ કહેવાય છે. રંગ તે પુદ્‌ગલનો અનુજીવી ગુણ છે.

પ્રશ્ન-પ૩ : દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કઈ રીતે છે ?

ઉત્તર : દ્રવ્યમાં નવી અવસ્થા ઉપજે છે, જૂની અવસ્થાનો નાશ થાય છે અને વસ્તુપણે તે કાયમ ટકી રહે છે—એ રીતે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે; જેમકે જીવદ્રવ્યમાં સિદ્ધદશાનું ઉત્પન્ન થવું, સંસારદશાનો નાશ થવો અને જીવપણે તેનું ટકી રહેવું—એ જીવદ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.

પ્રશ્ન-પ૪ : 'એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ ન કરી શકે'—એ વાત ખરી છે ? કેમ ?

ઉત્તર : હા, એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ ન કરી શકે એ વાત ખરી છે, કેમકે દરેક વસ્તુમાં અગુરુલઘુત્વ નામની શક્તિ રહેલી છે, તેથી કોઈ એક પદાર્થ અન્ય પદાર્થરૂપે પરિણમતો નથી, ને તેનું કાંઈ કરતો નથી. વળી વસ્તુમાં અસ્તિ-નાસ્તિ ધર્મ છે, દરેક વસ્તુ પોતાના સ્વરૂપે છે અને પરના સ્વરૂપે નથી, એટલે કે દરેક વસ્તુ જુદી જુદી સ્વતંત્ર છે. તેથી કોઈ વસ્તુ એક બીજાનું કાંઈ કરી શકતી નથી. દરેક વસ્તુમાં પોતામાં જ પોતાનું કાર્ય કરવાની શક્તિ છે. દ્રવ્યત્વ નામની શક્તિ દરેક પદાર્થમાં છે, તે શક્તિથી દરેક વસ્તુનું કાર્ય સ્વયં પોતપોતાથી જ થયા કરે છે; એક વસ્તુ બીજી વસ્તુનું કાર્ય કરતી નથી.

પ્રશ્ન-પપ : 'બધા જીવોને દર્શનપૂર્વક જ જ્ઞાન' (અર્થાત્ પહેલાં દર્શન અને પછી જ્ઞાન) હોય છે' એ વાત બરાબર છે ?

ઉત્તર : ના, બધા જીવોને માટે તેમ નથી. અપૂર્ણ જ્ઞાનવાળા જીવને દર્શનપૂર્વક જ જ્ઞાન હોય છે, પરંતુ જેમને પૂર્ણજ્ઞાન (કેવળજ્ઞાન) પ્રગટી ગયું હોય તેને તો દર્શન અને જ્ઞાન બંને એક સાથે જ હોય છે.

પ્રશ્ન-પ૬ : મુનિરાજ ધ્યાનસ્થ બેઠા છે' આ પ્રસંગે છએ દ્રવ્યની ક્રિયાનું ટૂંક વર્ણન કરો.

ઉત્તર : (૧) ધ્યાનસ્થ મુનિરાજનો આત્મા તે વખતે પરમ આનંદમાં લીન છે. અર્થાત્ તેમને શુદ્ધ જ્ઞાનક્રિયા વર્તે છે, તેમને મોક્ષમાર્ગની ક્રિયા વર્તે છે—આ જીવદ્રવ્યની ક્રિયા (૨) જડ શરીરના પરમાણુઓની ક્રિયા તે વખતે સ્થિર રહેવા લાયક છે, તે પુદ્‌ગલની ક્રિયા. (૩) અધર્માસ્તિકાય દ્રવ્ય તે જીવ અને પરમાણુઓને સ્થિર રહેવામાં નિમિત્તરૂપ છે. (૪) કાળદ્રવ્ય પરિણમનમાં નિમિત્ત છે. (પ) આકાશ દ્રવ્ય તે જગ્યા આપવામાં નિમિત્ત છે અને (૬) ધર્માસ્તિકાય દ્રવ્યની ત્યાં હાજરી છે પણ જીવમાં ગતિક્રિયા ન હોવાથી તે વખતે ધર્માસ્તિકાય નિમિત્ત નથી.

## (૪૬)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો)

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) આત્મા ............ અને શરીર ............ છે.

(૨) આત્માને ........... .............. ........... વગેરે અનંત અવયવો છે.

(૩) જે જીવ ............ ની પુષ્ટીથી સંસારમાં રખડે છે તે ............... થાય છે.

(૪) સ્વર્ગના પદાર્થો ભોગવવા તે પણ .................. ને .............. છે.

(૫) શુભ અશુભ બંનેથી પાર .............. ભાવનું વેદન તે જ ................ છે.

(૬) આત્માનું નિજરૂપ દેહ અને ................. બંનેથી જુદું .............રૂપ છે.

(૭) રાગાદિ ભાવો ................. વગરના છે.

(૮) પુણ્ય અને પાપ બંને ................... નું જ કારણ છે.

(૯) રાગમાં ................ ની ભઠ્ઠી છે તેમાં ................... નથી.

(૧૦) મુમુક્ષુ જીવે પુણ્ય અને પાપ છોડી .............. માં લાગ્યા રહેવું.

(૧૧) વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ .............. બંધનું કારણ છે.

(૧૨) શુભરાગને મોક્ષનું કારણ માનવાથી ............... થાય.

(૧૩) ઉપયોગનું રાગમાં જોડાણ તે ................. અને ઉપયોગનું શુદ્ધ ............. માં જોડાણ તે .............

(૧૪) સંતો કહે છે ........... નું સેવન છોડ અને તારા ................. સ્વરૂપનું સેવન કર.

(૧૫) અજ્ઞાની શુભરાગ ................ હોવા છતાં તેને સારો માનીને સેવે છે.

(૧૬) જ્ઞાન-વૈરાગ્ય તે .............. ભાવ અને ............. ને શુભ-અશુભ તે બંધ ભાવ.

(૧૭) ચારિત્રમાં મહાન .............. છે, ............... માં રમણતા તે ચારિત્ર છે.

(૧૮) ............... અમૃતનું ઝાડ છે તેનાં અનુભવમાં ................ છે.

(૧૯) જેને પુણ્યની ................ છે તેને ............ ની રુચિ નથી. તેને .......... ની રુચિ છે.

(૨૦) ધર્મીને ................. ના ............... નો ઉત્સાહ છે.

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન એપ્રિલ–૨૦૧૭ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) રત્નત્રય, મોક્ષના | (૬) સિદ્ધ, સુખી | (૧૪) ઉપયોગ |
| (૨) મોક્ષમાર્ગ | (૭) આત્મભ્રાંતિ | (૧૫) પંચેન્દ્રિય, માંસાહાર |
| (૩) મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાન મિથ્યાચારિત્ર | (૮) ભૂલથી | (૧૬) આનંદ |
| | (૯) ભૂલ-દુઃખ | (૧૭) મોહનું |
| | (૧૦) અજ્ઞાનતા | (૧૮) અનંતા |
| (૪) સમ્યક્દર્શન-જ્ઞાન ચારિત્ર | (૧૧) કર્મો | (૧૯) મનુષ્ય |
| | (૧૨) નિગોદ, નવમી | (૨૦) આઠ |
| (૫) જ્ઞાનરૂપ, સુખ | (૧૩) નિગોદ | |

## વૈરાગ્ય સમાચાર :–

અંકલેશ્વર નિવાસી (હાલ-અમદાવાદ) શ્રી જયંતીલાલ ઉજમશી જૈન (ઉ.વ. ૮૮) તા. ૦૯-૮-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

અંધેરી (વેસ્ટ) નિવાસી શ્રીમતી લીલાબેન કેશવલાલ શાહ (–દાસભાઈના પુત્રી) (ઉ.વ. ૮૪) તા. ૭-૧૦-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

લાતુર નિવાસી (હાલ દાદર-મુંબઈ) શ્રી ભરતભાઈ હરખચંદ કામદાર (–તે સરલાબેન સોનગઢના ભાઈ) તા. ૩-૨-૨૦૧૭ના રોજ મુક્તાગિરિ ક્ષેત્રે જાત્રા કરતા સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દાદર તથા સોનગઢ રહી ખૂબ જ ધર્મધ્યાન કરતાં હતાં.

નવરંગપુરા મંદિરના ટ્રસ્ટી શ્રી નવીનચંદ્ર શાહના ધર્મપત્ની જાગૃતિબેન (ઉ.વ. ૬૮) તા. ૧૪.૦૨-૨૦૧૭ ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

મોરબી નિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) શ્રી લતાબેન પ્રવીણચંદ્ર શાહ (–તે રસીકભાઈ ડગલીના બહેન) (ઉ.વ. ૮૦) તા. ૧૬-૦૨-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

ભાવનગર નિવાસી (હાલ બોરીવલી) શ્રી કનુભાઈ હરીલાલ ભાયાણી (ઉ.વ. ૮૭) તા. ૧૬-૨-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

જામનગરનિવાસી (હાલ-સુરત) શ્રી વિનોદભાઈ દેવશીભાઈ શાહ (ઉ.વ. ૬૫) તા. ૧૩-૦૩-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● અભિપ્રાય એ તો જીવનું જીવન થઈ જાય છે, ઘર થઈ જાય છે. અભિપ્રાય બદલવો એ એને જીવન બદલવા જેવું લાગે છે. ૨૧૪.

● જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલાં ઉભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે. ૨૧૫.

● જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૨૧૬.

● સ્વના લક્ષનો માર્ગ અલૌકિક છે. આ તો વીતરાગનો માર્ગ છે વીતરાગ કહે છે કે તું મારી સામું ન જો. આમ વીતરાગ સિવાય બીજો કોણ કહી શકે ? ૨૧૭.

● પહેલાં સમજણ તો કરે, સ્વભાવનો પક્ષ તો કરે, કે રાગ અને નિમિત્ત તરફ ઢળવા જેવું નથી પણ સ્વભાવ તરફ જ ઢળવા જેવું છે. એમ પાકો નિર્ણય તો કરે. નિર્ણયનો વજનો સ્થંભ તો નાખે.....એ વિના એકેય પગલું જવાય તેમ નથી. ૨૧૮.

● જિતના સામર્થ્ય દ્રવ્યમેં પડા હૈ, ઉતના સામર્થ્ય દૃષ્ટિમેં ન આવે તબ તક નિર્વિકલ્પ દૃષ્ટિ નહીં હોતી. ૨૧૯.

● જે બહારની સગવડતા એને સગવડતા માને છે, બહારની અગવડતા એને અગવડતા માને છે, તે પ્રગટપણે ભગવાનને (આત્માને) શરીર સ્વરૂપ જ માને છે. ૨૨૦.

● ધર્મીનું ચિત્ત આત્મા સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી. સંસારમાં બધે ઉપર ઉપરથી નજર કરે છે, પણ ચિત્ત ક્યાંય ચોંટતું નથી. માખીને સાકરના સ્વાદમાં ચિત્ત ચોંટ્યું છે તેથી પાંખને ભીંસ આવે પણ ત્યાંથી ખસતી નથી, તેમ ધર્મીનું ચિત્ત આત્મામાં ચોંટ્યું છે. પ્રતિકૂળતા આવે, બહારની ભીંસ આવે પણ આત્મામાંથી ચિત્ત ખસતું નથી. દુનિયાને ભલે ધર્મી ગાંડા જેવો લાગે, પાગલ લાગે. ૨૨૧.

● સર્વજ્ઞ-સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છે ને ત્યાં આહાહા ! આખી વસ્તુ સર્વજ્ઞ અને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે. ૨૨૨.

આત્મધર્મ
મે-૨૦૧૭
અંક-૯ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-5-2017
Posted on 1-5-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org